Reg. No. B. 876

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું.

# બુદ્ધિપ્રભા.

## ( Light of Reason. )

વર્ષ ૩ જું. સને ૧૯૧૨ માર્ચ. અંક ૧૨ મો.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥
नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ તરફથી,
સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.
નાગોરીસરાહ—અમદાવાદ.

વાર્ષિક લવાજમ—પોસ્ટેજ સાથે રૂ. ૧–૪–૦. સ્થાનિક ૧–૦–૦

અમદાવાદ શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ પ્રમાણિકતા. ... | ૩૫૩ | ૭ ઉત્તમ બોધ વચનો. | ૩૭૯ |
| ૨ અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા. | ૩૫૪ | ૮ સુખ દુઃખ વખતે સમભાવ | ૩૮૧ |
| ૩ કર્તવ્યશીલ જીવન ... | ૩૬લ | ૯ દુધ અને તેને ગ્રહણ કરવાની રીત. ... | ૩૮૪ |
| ૪ સ્ત્રી કેળવણી. ... | ૩૬૬ | ૧૦ બોર્ડીંગ પ્રકરણ. ... | ૩૮૪ |
| ૫ જીવદયા પ્રકરણ. ... | ૩૭૧ | | |
| ૬ ખરૂં સુખ. ... | ૩૭૭ | | |



## હવે માત્ર જુજ નકલોજ શીલક છે માટે વ્હેલો તે પહેલો.

# મલયાસુંદરી.

( રચનાર. પંન્યાસ કેસરવિજયજી. )

કૃત્રીમ નોવેલોને ભુલાવનાર, તત્વજ્ઞાનને સમજાવનાર, કર્મની વિચીત્ર ગતીનો અપૂર્વ નમુનો એવો આ ગ્રંથ હોવાથી તેની ૧૮૦૦ નકલો જુજ વખતમાં ખપી ગઈ છે. કીંમત માત્ર રૂ. ૦-૧૦-૦.

બુદ્ધિપ્રભાના ગ્રાહકો માટે કીં. રૂ. ૦-૬-૦ રાખવામાં આવી છે પણ જે ગ્રાહકનું લવાજમ વસુલ આવ્યું હોય તેનેજ તે કીંમતે મળે છે.

બુદ્ધિપ્રભાના ગ્રાહક થનારને આવી રીતે કેટલાક બીજા લાભ પણ અપાય છે માટે તેના ગ્રાહક ના હોવ તો જરૂર થાઓ કારણ કે તેથી બોર્ડીંગને સહાય કરવાનું પુણ્ય હાંસીલ થાય છે. અને સદ્જ્ઞાનનું વાંચન મળે છે.

લખો.—જૈન બોર્ડીંગ—અમદાવાદ.
ઠે. નાગોરીશરાહ.

ભેટ. ભેટ.

## સ્ત્રી કેળવણી અને સદ્વર્તન.

કપડવણજ વાળા શા. મહાસુખરામ લલ્લુભાઇની અ. સૌ. દીકરી ચંપાના સ્મર્ણાર્થે છપાયેલ **સ્ત્રીકેળવણી અને સદ્વર્તન** નામનું પુસ્તક જૈન શાળાઓને તેમજ સ્ત્રી વર્ગને મફત આપવાનું છે પોસ્ટેજ માટે અડધા આનાની ટીકીટ બીડી આપવી.

લખો–**બુદ્ધિપ્રભા ઓફીસ.** નાગોરીશરાહ.—અમદાવાદ.

# બુદ્ધિપ્રભા.

## (The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૩ જું. તા. ૧૫ મી માર્ચ સન ૧૯૧૧ અંક ૧૨ મો.

## प्रमाणिकता. કવ્વાલિ.

પ્રમાણિકતા વિના માનવ, કદી નહિ શ્રેષ્ઠ બનવાનો
પ્રમાણિકતા પ્રભુ જેવી, સકલ વિશ્વાસનું બીજ જ. ૧
પ્રમાણિકતા ખરી નીતિ, પ્રમાણિકતા ખરી રીતિ;
બહુ બોલે વળે નહિ કંઈ, પ્રમાણિકતા વિના ક્યાં ધર્મ. ૨
ફરી જાવે વદીને ઝટ, હૃદય વિશ્વાસઘાતી જે;
ગુમાવ્યો ધર્મ પોતાનો, રહ્યો નીતિ થકી દૂરજ. ૩
રચ્યો નીતિ થકી પાયો, પડે નહિ ધર્મનો તે મહેલ;
કથ્યું આચારમાં મૂકી, પ્રમાણિકતા ધરે ઉત્તમ. ૪
પ્રમાણિકતા ગઈ તો સહુ, ગયું બાકી રહ્યું નહિ કંઈ;
પ્રમાણિકતા વિના માનવ, પશુ પંખી થકી હલકો. ૫
પ્રમાણિકતા થકી વર્તે, ખરો તે પૂજ્ય માનવ છે;
પ્રભુનો ધર્મ તે પામે, ગુણોથી સર્વ પૂજાતા. ૬

પ્રથમ દુઃખ પછીથી સુખ, અનુભવથી કહું એવું.
સદા તેના શિરે ભાનુ કદાપિ અસ્ત નહિ થાતો. ૭
વિના સત્તા વિના લક્ષ્મી, પ્રમાણિક છે સદા શ્રેષ્ઠજ;
"બુદ્ધ્યબ્ધિ" ધર્મનો પાયો, પ્રમાણિકતા ગ્રહી મનમાં. ૮

**બગવાડા.** પોશ વદી ૪.

---

# અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા.

અનેક પ્રકારનાં અધ્યાત્મશાસ્ત્રોનો અભ્યાસ કરીને આત્માને અવબોધવો તેજ જગતમાં મુખ્યમાં મુખ્ય કર્તવ્ય છે. જડ અને ચેતનનું ભિન્ન ભિન્ન પ્રકારથી જ્ઞાન થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. સ્થૂલ જડપર્યાયોનું અનિત્ય અને આત્માથી ભિન્નત્વનો નિશ્ચયકર્યાપછી પંડિત મનુષ્ય પોતાના આત્મામાંજ આનંદ માને છે. ભેદજ્ઞાનની પ્રાપ્તિ થતાં બાહ્યશરીરાદિ વસ્તુપર મમત્વભાવનો અધ્યાસ ટળે છે. ગૃહસ્થાવાસમાં સ્થિત મનુષ્યો બાહ્ય વ્યવહારિક કાર્યોને કરે છે પણ યદિ જો તેઓ ભેદજ્ઞાન (અધ્યાત્મ)ને પ્રાપ્ત કરે છે તો બાહ્ય પદાર્થોમાં રાચતા માચતા નથી અને પૃથ્વી ચંદ્ર તથા ગુણસાગરની પેઠે કોઇક વખત ઉત્તમ નિર્લેપ દશાને ધારણ કરવા સમર્થ બને છે. સૂર્યની સાથે પ્રેમ બાંધનાર કમલ પોતે જલમાં નિર્લેપ રહી શકે છે. આત્માના ગુણોનું પોષણ કરનાર અધ્યાત્મજ્ઞાન જેના હૃદયમાં જાગ્રત્ થાયછે તેનું મન પોતાના આત્મસન્મુખ રહે છે. અધ્યાત્મજ્ઞાનથી આત્માનું વીર્ય જે અનાદિકાલથી પરભાવમાં પરિણમ્યું હતું તે પરભાવીક વીર્ય પણ શુદ્ધરૂપે બને છે. આત્માના જે જે ગુણો વા પર્યાયો પરભાવ સાથે પરિણમ્યા હોય છે તેનું અશુદ્ધપરિણમન ટાળીને શુદ્ધ પરિણમન કરનાર ખરેખર અધ્યાત્મજ્ઞાન છે. બાહ્ય જ્ઞાનથી બાહ્ય પદાર્થોમાં ઇષ્ટત્વ જણાય છે ત્યારે અધ્યાત્મજ્ઞાનથી આત્માના શુદ્ધ ધર્મવિના અન્યજડ પદાર્થોમાં ઇષ્ટત્વ જણાતું નથી. દુનિયાના દરેક દેશો અને તેમાં પણ યુરોપ અમેરિકા વગેરે દેશોમાં બાહ્યજ્ઞાનથી મનુષ્યો પ્રવૃત્તિમાર્ગમાં યાહોમ કરીને પડ્યા છે અને તેથી તેઓ અન્ય દેશોને પણ પ્રવૃત્તિમાર્ગમાં ઘસડશે. અન્તે પરિણામ એ આવશે કે બાહ્યજ્ઞાનથી પ્રવૃત્તિમાર્ગની એટલી બધી ધમાલ ચાલશે કે તેથી મનુષ્યો સ્વાર્થ, મોજમઝા, ભોગ અને ઇચ્છાના ઉપાસકો બનશે અને તેથી કષાયાદિનું

સામાન્ય પ્રવર્તશે. દુનિયાના પ્રવૃત્તિ માર્ગ અને વિષયભોગ મોજશોખ સ્વાર્થ કષાયાદિના સામું પોતાનું બળ અજમાવનાર ખરેખર અધ્યાત્મ જ્ઞાન છે. અધ્યાત્મ જ્ઞાનની પ્રાપ્તિથી મનુષ્યો પ્રવૃતિ માર્ગમાં મન્દપણે પ્રવૃતિ કરે છે. હાય ધન, હાય ધન કહીને ધનના પુજારી એકાન્તે મનુષ્યો બનતા નથી બાહ્યેચ્છાઓનો નાશ કરનાર અને આત્મામાં સુખનો નિશ્ચય કરાવનાર અધ્યાત્મ જ્ઞાનનો જો જગત્માં ફેલાવો થાય તો દુનિયામાંથી પાપની પ્રવૃત્તિ ઘણી ન્યૂન થઇ જાય. અધ્યાત્મજ્ઞાનથી આત્માના સન્મુખ મનની પ્રવૃત્તિ વળે છે તેથી બાહ્ય પદાર્થોમાં અહંમમત્વ રહેતું નથી. પ્રારબ્ધ કર્મના અનુસારે બાહ્ય પદાર્થોનો આહારાદિપણે ઉપયોગ થાય છે તોપણ તેમાં બંધાવાનું રહેતું નથી અર્થાત્ રાગના મન્દ મન્દતર પરિણામે બાહ્ય પદાર્થોનો ભોગ થાય છે. દુનિયામાં મનુષ્યો જીવોની ઉત્તમતા પરિપૂર્ણ અવબોધે તો તેઓનો નાશ કરવા મન વચન અને કાયાથી પ્રયત્ન કરે નહિ. અનેક પાપી મનુષ્યો અધ્યાત્મજ્ઞાનના અભાવે હિંસાના ઘોર ધંધાઓ કરીને હજારો પશુઓ અને પંખીઓના પ્રાણોને હણે છે, જો તેઓ જિનેશ્વર વાણીના અનુસારે અધ્યાત્મજ્ઞાન પામ્યા હોત તો પ્રાણીઓની હિંસા જેમાં થાય છે એવાં કતલખાનાં ચલાવત નહિ, હંસ જેમ દુગ્ધ અને નીર બન્ને ભેગાં મળી ગયાં હોય છે તેને ભિન્ન કરે છે તેમ અધ્યાત્મજ્ઞાનથી પણ ધર્મ અને અધર્મનો ભેદ સમજાય છે.

દુનિયાના પદાર્થોથી પરાઙ્મુખ થઇને આત્મામાં પરિણમવું એ કંઇ સામાન્ય વાત નથી. ઉલટી નદી તરવી સહેલ છે. સમુદ્ર તરવો સહેલ છે. મેરૂનું ઉલ્લંઘન કરવું સહેલ છે, કલ્પવૃક્ષની પ્રાપ્તિ થવી એ સહેલ છે, વ્યવહારિક જ્ઞાનની પ્રાપ્તિ થવી એ સહેલ છે પણ આત્માને પોતાના શુદ્ધરૂપે પરિણમાવનાર એવા અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થવી એ દુર્લભ છે. સ્થુળ પદાર્થોનું જ્ઞાન કરાવનાર એવી બાહ્યવિદ્યાને તો લાખો વા કરોડો મનુષ્યો પ્રાપ્ત કરી શકે છે કિન્તુ સમ્યગ્તત્ત્વનો નિશ્ચય કરાવનાર એવા અધ્યાત્મ જ્ઞાનની પ્રાપ્તિ તો વિરલા મનુષ્યોને થઈ શકે છે. ભાષા જ્ઞાનનાં વ્યાકરણોથી ભાષા જ્ઞાનનો વિવેક થાય છે અને તેમ અહંકાર વગેરેની પણ ઉત્પત્તિ થાય છે. તર્ક વા ન્યાયવિદ્યાનાં પુસ્તકોનું અધ્યયન કરવાથી અને ન્યાયાચાર્ય બનવાથી શુષ્કવાદ અને અહંકારાદિ દોષોનુંજ પ્રાકટ્ય ખરેખર અધ્યાત્મજ્ઞાન વા તત્ત્વજ્ઞાનના અભાવે દેખાય છે, અધ્યાત્મજ્ઞાન અને અધ્યાત્મ ક્રિયાથી રાગદ્વેષનો ક્ષય થાય છે, અધ્યાત્મ જ્ઞાનના અને બાહ્યજ્ઞાનના

વિવેકમાં આકાશ પાતાલ જેટલો ફેરફાર હોય છે. જે ધર્મશાસ્ત્રોમાં અધ્યાત્મજ્ઞાન નથી તે ધર્મના મનુષ્યો ધર્મની લડાઇઓ કરીને ધર્મના નામે હજારો વા લાખો મનુષ્યોના પ્રાણોનો સંહાર કરીને તેમાં ધર્મ માને છે. અધ્યાત્મજ્ઞાન વિના મનુષ્યો મોક્ષમાર્ગસન્મુખ પ્રયાણ કરી શકતા નથી. જેઓના મતમાં શુષ્ક અધ્યાત્મ જ્ઞાનની પ્રરૂપણા છે તેઓ પણ સમ્યગ્ દૃષ્ટિના અભાવે પોતાના આત્માની ઉચ્ચ દશા કરવા સમર્થ બનતા નથી. અધ્યાત્મજ્ઞાનથી દ્રવ્યદયા અને ભાવદયા કરવી એમ હૃદયમાં વિવેક પ્રકટે છે તેમજ આશ્રવના હેતુભૂત અવ્રતો ટાળવાં જોઇએ એમ હૃદયમાં વિવેક પ્રકટે છે. મેઘના જલમાં એવી શક્તિ રહી છે કે તે ગમે ત્યાં નદીના આકારને પાડી શકે છે તેમ જ્ઞાનમાં પણ એવી શક્તિ રહી છે કે તે ઉપાયો રૂપ ધર્મક્રિયાને પ્રગટાવી શકે છે. શ્રુતજ્ઞાનીઓ પોતાના જ્ઞાનબળથી કર્તવ્ય આચારરૂપ ક્રિયાના અધિકારને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી જાણી શકે છે. આત્માના શુદ્ધ પર્યાયરૂપ મોક્ષ કાર્યમાં જ્ઞાન શક્તિ એ ઉપાદાનકારણ છે અને બાહ્ય શક્તિ એ નિમિત્ત કારણ છે. ઘટરૂપ કાર્યમાં મૃત્તિકા ઉપાદાન કારણ છે અને કુંભાર, દંડ, ચક્ર વગેરે નિમિત્તકારણ છે. નિમિત્તકારણ વિના એકલા ઉપાદાન કારણથી પણ કાર્યની સિદ્ધિ થતી નથી તેમજ ઉપાદાન કારણ વિના નિમિત્તકારણથી પણ કરોડો ભવમાં કાર્યની સિદ્ધિ થતી નથી. જ્ઞાન અને ક્રિયા સ્વરૂપ અધ્યાત્મ તત્ત્વ હોવાથી તેની પ્રાપ્તિવડે મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ થાય છે. જ્ઞાનવિના ક્રિયાનું સ્વરૂપ પણ સમ્યગ્ રીત્યા સમજાતું નથી. જે જીવો જ્ઞાન પામે છે તે જીવો ધર્મક્રિયા કરવાના અધિકારી બને છે. આજકાલ ધર્મને આદરનારાઓ કેટલાક જીવો પોતાનો અધિકાર અમુક ધર્માચારમાં કેટલો છે તે જાણવાને શક્તિમાન્ થતા નથી તેથી ગાડરીયા પ્રવાહની પદ્ધતિનો તેઓ સ્વીકાર કરીને વીતરાગના વચનોનું સમ્યગ્ રીત્યા આરાધન કરી શકતા નથી. અધ્યાત્મજ્ઞાનથી કઇ ધર્મ ક્રિયા કરવામાં પોતાનો અધિકાર છે તેનો ખ્યાલ આવે છે અને તેથી જે જે આચારો આચરવા યોગ્ય છે તેનો પોતાની મેળે મનુષ્ય આચાર આચરે છે. અધ્યાત્મજ્ઞાનીએ વ્યવહારમર્યાદાને પોતાના અધિકારપ્રમાણે પાળવી જોઇએ. હાલમાં જ્ઞાન માર્ગની વૃદ્ધિ થતી જાય છે તેથી પૂર્વાચાર્યોએ લખેલા અધ્યાત્મગ્રન્થો પ્રસિદ્ધિમાં આવવાથી તે ગ્રન્થોનું વાચન ફેલાતું જાય છે અને તેથી અજ્ઞાનીઓ પણ અધ્યાત્મજ્ઞાન એ જૈનશાસનની ખરી રૂદ્ધિ છે એમ અમુક અંશે સમજવા લાગ્યા છે—સમુદ્રની ભરતીમાં જેમ તીથીની અપેક્ષાએ તરતમતા છે, પુનમ અને અમાવાસ્યાના દીવસે સમુદ્રની

ભરતી વધે છે—ચંદ્રમાના કિરણોથી સાગરની ભરતી ચઢે છે એમ પૂર્વાચાર્યોના વચનથી અવબોધાય છે, તદ્દત્ કેળવણીના પ્રતાપથી અધ્યાત્મજ્ઞાનનો ફેલાવો થાય છે તેને કોઇ નિવારવાને શક્તિમાન્ નથી. શ્રી વીર ભગવાન્‌ની અધ્યાત્મ વાણીનો પ્રકાશ ધીમે ધીમે પૃથ્વીપટપર વિસ્તાર પામવા લાગ્યો છે. કેટલાક નાસ્તિક જડવાદીઓ પણ વીશમાસૈકામાં આત્માની નિત્યતા, પુનર્જન્મ અને કર્મવાદનો સ્વીકાર કરવા લાગ્યા છે—વીસમીસદીમાં જ્ઞાનના કિરણોની કંઇક ઝાંખી થઇ છે તેનો ખરો લાભ તો એકવીશમી સદીવાળાને મળવાનો એમ લેખકનો અભિપ્રાય છે. શ્રીવીર પ્રભુની અધ્યાત્મવાણીને આપણા પૂર્વાચાર્યોએ પરંપરાએ વહેવરાવી આપણા હાથમાં સમર્પી છે માટે તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ન્યૂન છે. આપણા આચાર્યો તત્ત્વજ્ઞાનને જાણતા હતા એટલુંજ નહિ પણ જાણીને તે પ્રમાણે ધ્યાન ધરતા હતા અને સ્વકીય ચેતનની શુદ્ધિ કરવા અન્તરદૃષ્ટિથી વર્તતા હતા. આપણા આચાર્યોને અધ્યાત્મજ્ઞાન જાળવતાં ઘણું ખમવું પડયું છે. પૂર્વેના બાદશાહી રાજ્યોના સમયમાં તેમજ અક્કેળવાયેલ રાજાઓના વખતમાં તેઓને સ્વપરતાન ફેલાવા માટે ઘણું વેઠવું પડતું હતું. પૂર્વે મનુષ્યો માત્ર સારાજ હતા એવો અભિપ્રાય કોઇનાથી બાંધી શકાય તેમ નથી. પ્રત્યેક સૈકામાં થતા વિદ્વાનો તત્ત્વજ્ઞાન વા અધ્યાત્મજ્ઞાનનો ગમે તે ભાષામાં ગમે તે ઉપાયોથી ફેલાવો કરે છે. કોઈ પણ જાતના વૃક્ષનાં બીજો પોતાના યોગ્ય સંસ્કારિત ભૂમિમાં ઉગી નીકળે છે તે પ્રમાણે અધ્યાત્મજ્ઞાનના વિચારો સંસ્કારિત અને અધ્યાત્મજ્ઞાન યોગ્ય મનુષ્યોના હૃદયમાં પ્રગટી નીકળે છે અને તે વિચારો પોતાનો ફેલાવો કરવાને પોતે સમર્થ બને છે. ખારી ભૂમિમાં બીજને ઉગવાની અયોગ્યતા છે તેથી ખારી ભૂમિમાં નહિ ઉગનાર બીજો ખારી ભૂમિમાં નાખ્યાં છતાં પણ ઉગી નીકળતાં નથી અને તેનો નાશ થાય છે તેપ્રમાણે અધ્યાત્મજ્ઞાનના વિચારો ઉગી નીકળવાની અર્થાત્ પ્રગટ થવાની જેઓમાં અયોગ્યતા છે તેવા મનુષ્યોના હૃદયમાં અધ્યાત્મજ્ઞાનના વિચારો પ્રગટી શકતા નથી અને તેઓને આપેલો ઉપદેશ પણ નિષ્ફળ જાય છે

પ્રતિપક્ષીવિચારો ગમે તે સૈકામાં ગમેત્યાં પરસ્પર વિરૂદ્ધ ભાવ દર્શાવે છે. કોઇપણ કાળ એવો ગયો નથી તેમ જનાર નથી કે જેમાં સમ્યક્ત્વજ્ઞાન —અને મિથ્યાત્વજ્ઞાન અને તે બન્નેને ધારકોમાં પરસ્પર વિરૂદ્ધતા ન હોય—પુણ્યના વિચારોના પ્રતિપક્ષી પાપના વિચારો સમાનકાલમાં ગમે ત્યાં વિદ્યમાન્

હોય છે. અધ્યાત્મજ્ઞાનના પ્રતિપક્ષી વિચારો જડવાદીઓના હોય છે. નાસ્તિક વિચારો પોતાના બળવડે આત્મિકવિચારો ઉપર કબજો મેળવવા પ્રયત્ન કરે છે. અધ્યાત્મજ્ઞાનીઓના વિચારો ખરેખર જડવાદનો નાશ કરવા પ્રયત્ન કરે છે. અર્થાત્ જેનામાં આત્મજ્ઞાન પ્રગટે છે તેવા મનુષ્યો મિથ્યાત્વના વિચારોનો નાશ કરવાને ઉપદેશ લેખનાદિદ્વારા પ્રયત્ન કરે છે. અનેકાન્તજ્ઞાનશક્તિ ખરેખર એકાન્ત મિથ્યા વિચારનો જગત્માંથી નાશ કરવા પ્રયત્નશીલ બને છે અર્થાત્ સારાંશ કે અનેકાન્તધારક જ્ઞાનીઓ એકાન્તવાદના કુવિચારોનો નાશ કરવાને પોતાનાથી બનતું કર્યાવિના રહેતા નથી–અધ્યાત્મજ્ઞાનના પ્રતિપક્ષીઓ પણ અધ્યાત્મજ્ઞાનીઓ સાથે વિવાદકરીને તેઓને હઠાવવા પ્રયત્ન કરે છે. જગત્માં અનાદિકાળથી આ પ્રમાણે ચાલ્યા કરે છે અને ચાલશે–અધ્યાત્મજ્ઞાન સત્ય હોવાથી તેનો દુનિયામાં સ્થાયીભાવ હોય છે. અધ્યાત્મજ્ઞાન પોતાના બળથી મિથ્યાવિદ્યાને હઠાવવા સમર્થ થાય છે. અધ્યાત્મજ્ઞાન પોતાના સામર્થ્યવડે કર્મોનો નાશ કરવા માટે સમર્થ બને છે. અધ્યાત્મજ્ઞાનનું માહાત્મ્ય તે જ્ઞાનને જે પામે છે તેજ સમજી શકે છે. આશાતૃષ્ણાના બીજોનો નાશ કરવો હોય તો અધ્યાત્મજ્ઞાનની સેવના કરવી જોઇએ. અધ્યાત્મજ્ઞાન પામીને અન્તરમાં સમજવું જોઇએ કે બાહ્ય વિષયો જૂદા છે. બાહ્યનાં કરવા યોગ્ય કાર્યને અધિકાર પ્રમાણે કરવાં જોઇએ એમ જો ન કરવામાં આવે તો અધ્યાત્મજ્ઞાનથી પણ ઉપાધિ ટળતી નથી અને દુનિયાના વ્યવહારમાં પણ બળ પ્રાપ્ત થતું નથી તે ઉપર એક અન્યદર્શનીનું દૃષ્ટાન્ત કહેવામાં આવે છે.

એક નગરીમાં સુધન્વા નામનો એક નૃપતિ રાજ્ય કરતો હતો–તેને એક સુમતિ નામની પુત્રી હતી અને એક ભદ્રક નામનો પુત્ર હતો–સુધન્વા રાજાને પુત્ર અને પુત્રી ઉપર અત્યંત પ્રીતી હતી, તેણે ભદ્રક પુત્રને ઉપાધ્યાય પાસે બહોતેર કળાનો અભ્યાસ કરાવ્યો અને પુત્રીને ચોસઠ કલાનો અભ્યાસ કરાવ્યો–સુમતિ પુત્રી વેદાન્ત જ્ઞાનનો અભ્યાસ કરવા લાગી. એક મહાત્મા તેના બાગમાં ઉતર્યા હતા તેની પાસે સુમતિ દરરોજ બ્રહ્મજ્ઞાનની ચર્ચા કરવા જતી હતી–સુમતિને બ્રહ્મચર્ચાથી ઘણો આનંદ મળતો હતો. એક દીવસ રાજપુત્ર ભદ્રક પણ સુમતિની અન્વેષણા કરતો કરતો તે ચર્ચામાં ભળ્યો. ભદ્રકને પ્રતિદીન ચર્ચામાં રસ પડવા લાગ્યો. ઘણા દીવસે ભદ્રક બ્રહ્મ જ્ઞાનમાં પ્રવીણ થયો પણ તે વ્યવહારકુશલ ન હોવાથી મહાત્માના આપેલા બ્રહ્મોપદેશની દૃષ્ટિને વ્યવહારમાં પણ આગળ કરવા લાગ્યો. વ્યવહાર કાર્ય-

માં પણ બ્રહ્મજ્ઞાનની વાર્તાઓ કરવા લાગ્યો. એક દીવસ રાજાએ સભા ભરીને તેને યુવરાજની પદવી ઉપર સ્થાપ્યો અને કહ્યું કે હે રાજપુત્ર તું હવે સર્વ રાજ્યની અને લશ્કરની સંભાળ રાખ. ભદ્રકે ભદ્રકતાને આગળ ધરીને કહ્યું કે રાજ્ય કે રાજા વા સૈન્ય સર્વ અસત્ છે, બ્રહ્મ સત્ય છે અને માયા અસત્ય છે, હું પણ નથી અને તું પણ નથી, યુવરાજ્ય પણ નથી ને રાજા પણ નથી માટે અસતનો વ્યવહાર કેમ કરવો જોઇએ ? રાજાએ કહ્યું કે હે પુત્ર ! આવી ગાંડી ગાંડી વાતો ન કર, તું હવે યુવરાજ પદવીની સોભાને સારી રીતે વધાર કે જેથી આગળ ઉપર તું રાજાનો રાજા બનવાને માટે યોગ્ય અધિકારી બની શકે. રાજાનાં ઉપયુક્તિ વચનો સાંભળીને યુવરાજ બોલ્યો કે હે રાજન્ તમે અસત્ માયાને સત્ માનીને ગાંડી ગાંડી વાતો કરોછો. જે વસ્તુજ નથી. તેને સત્ માનીને મુર્ખ બનો છો તેથી તમો ભ્રાન્ત થઈ ગયા છો. **ब्रह्मसत्यं जगन्मिथ्या नेहनानास्ति किञ्चन** આ શ્રુતિનું જ્ઞાન હોત તો અસત્તનું સંરક્ષણ કરવાનું મને કહેતજ નહિ. આ અવસર હીન અને પ્રસ્તુત વિષય પર અરૂચિકર અને ક્રોધ કરનારાં તેનાં વચન સાંભળીને રાજાના મનમાં ઘણું લાગી આવ્યું. રાજાએ ક્રોધ કરીને સેવકને આજ્ઞા કરી કે ભદ્રકયુવરાજે મારૂં અપમાન કર્યું છે માટે તેને દરરોજ પાંચ ખાસડાં મારવાં. પિતાના હુકમ પ્રમાણે ભદ્રકને દરરોજ માર ખાવો પડતો હતો. સુમતિ દરરોજ ભદ્રકની આવી અવસ્થા દેખીને શોક કરવા લાગી. એક દીવસ રાજપુત્રી સુમતિ પેલા મહાત્માની પાસે બ્રહ્મજ્ઞાનની ચર્ચા કરતી હતી. તેવામાં રાજપુત્ર ભદ્રક પણ મહાત્માની પાસે આવ્યો અને નમસ્કાર કરીને બ્રહ્મચર્ચા કરવા લાગ્યો. બ્રહ્મજ્ઞાનની ચર્ચાથી ભદ્રકને ઘણો આનંદ મળતો હતો. સુમતિ મનમાં કંઇક વિચાર કરીને મહાત્માને વિનવવા લાગી કે હે મહાત્મન્ ! આપનો શિષ્ય રાજપુત્ર ભદ્રક આપના આપેલા બ્રહ્મજ્ઞાન ઉપદેશથી દરરોજ પાંચ ખાસડાનો માર ખાય છે માટે કૃપા કરીને હવે મારા બન્ધુનું દુઃખ ટાળો. આપ જ્ઞાની છો. આપની કૃપાથી મારા ભાઈનું દુઃખ ટળી જશે એમ આશા રાખું છું. આપના શિષ્યની લોકોમાં હેલના થાય છે તે આપની થાય છે એમ હું માનું છું. માટે હવે ગમે તે ઉપાય કરીને મારા ભાઇને ખાસડાંનો માર પડે છે તે બંધ કરાવો. રાજપુત્રી સુમતિનાં ખેતાદ્રક્ વચનો શ્રવણ કરીને મહાત્મા બોલ્યા કે હે સુમતિ—તારો ભાઈ માર ખાય છે તે બરાબર છે. જે મનુષ્ય ચારોંકી બાત ગમારોમેં કરતા હે ઉસકું પંચજુતિકા માર પડના ચાહિયે, બ્રહ્મજ્ઞાનકી બાત બ્રહ્મ જ્ઞાનના અધિકારીયોકું લિયે હૈ.

તેરા બન્ધુ બ્રહ્મજ્ઞાનકી બાત વ્યવહાર કાર્યોંમેં કરતા હૈં ઇસ લિયે ઉસકું વ્યવહાર અકુશલતાસેં પંચજુતેકા માર પડતા હૈ વહ બરાબર ન્યાયકી બાત હૈ. રાજપુત્રી તુમ લડકી કિન્તુ ચારોંકી બાત ગમારોંમેં નહિ કરતી હૈ ઇસ- લિયે તું બ્રહ્મજ્ઞાનકા આનંદ પાતી હૈ ફિર વ્યવહારદશામેંભિ તિરસ્કાર નહિ પાતી હૈં. મહાત્માનાં ઉપરનાં વચનો રાજપુત્રી સુમતિના હૃદયમાં બરા- બર ઉતરી ગયાં અને તેથી તે રાજપુત્ર ભદ્રકને કહેવા લાગી કે ભાઇ! આ બાબતમાં મહાત્માના વચન પ્રમાણે તું વ્યવહારકુશલ નહિ હોવાથી બ્રહ્મજ્ઞાની હોવા છતાં પાંચ ખાસડાંનો માર ખાય છે. જ્ઞાનીઓના અનુભવ જ્ઞાનની વાતો અધિકારી જીવો આગલ કરવાની હોય છે. જો તું વ્યવહારકુ- શલ હોત તો ત્હારી આવી દશા થાત નહિ, માટે હવે દુનિયાની રીતિ પ્ર- માણે અંતરથી ન્યારા રહીને વર્તવાની ટેવ પાડ કે જેથી બ્રહ્મજ્ઞાનની હેલના ન થાય-અનધિકારીને પ્રાપ્ત થએલા બ્રહ્મજ્ઞાનથી બ્રહ્મજ્ઞાનનો લોકો તિરસ્કાર કરે છે અને તેથી બ્રહ્મજ્ઞાની ગાંડા જેવા દુનિયામાં ગણાય છે. રાજપુત્ર ભદ્રક ના મનમાં પણ આ વાત ઉતરી અને તેણે પોતાની વ્યવહારઅનભિજ્ઞતાનો દોષ જાણી લીધો. રાજપુત્રે મહાત્માને અને પોતાની ભગિનીને કહ્યું કે હવેથી હું વ્યવહારમાં કુશલ થઇશ અને બ્રહ્મજ્ઞાનનો તિરસ્કાર કરાવીશ નહિ. બીજા દિવસે રાજપુત્ર ભદ્રક રાજાની સભામાં ગયો અને રાજાને નમસ્કાર કરીને વ્યવહારમાં વ્યવહારકુશલતાથી વર્તીને રાજાની માફ માગી અને પ્રારબ્ધ યોગે પ્રાપ્ત થએલ કાર્યોને બાહ્યની રીતિથી કરવા લાગ્યો તેથી રાજા તેના ઉપર ખુશ થયો અને કહેવા લાગ્યો કે ભદ્રક યુવરાજનું ગાંડપણ હવે ચાલ્યું ગયું અને તે ડાહ્યો થયો છે માટે તેને ખાસડાં મારવાનો હુકમ બંધ કરી દીધો અને રાજ્યમાં જાહેર કર્યું કે સર્વ પ્રજાએ યુવરાજની આજ્ઞા પ્રમાણે વર્તવું. યુવરાજ દુનિયાનાં કાર્ય દુનિયાના વ્યવહાર પ્રમાણે કરવા લાગ્યો અને વખત મળતાં બ્રહ્મજ્ઞાનનો આનંદ લેવા લાગ્યો તેથી તે સુખી થયો,

યુવરાજ ભદ્રક પુત્રનું દષ્ટાંત સાંભળીને અધ્યાત્મજ્ઞાનીઓ ઘણો સાર ખેંચી શકે તેમ છે. અધ્યાત્મ જ્ઞાનની વાત ગમારોમાં કરવાથી ગમારો અધ્યાત્મજ્ઞાન સમજી શકતા નથી અને ઉલટું તેઓ અધ્યાત્મ જ્ઞાનીઓને ખાસડાંનો માર મારવા જેવું કરે છે. વ્ય વહાર કુશલ અને શુષ્કતા રહિત અધ્યાત્મ જ્ઞાનીઓ વ્યવહારમાં વ્યવહાર પ્રમાણે પોતાના અધિકારે વર્તે છે અને નિશ્ચયથી અધ્યાત્મસ્વરૂપમાં રમ- ણતા કરે છે તેથી દુનિયામાં તેઓ ડાહ્યા ગણાય છે. કેટલાક શુષ્ક અધ્યા- ત્માઓ વ્યવહારકુશલતાના અભાવે જ્ઞાનીની વાર્તાઓ ગમારોમાં કરીને અ-

ધ્યાત્મ જ્ઞાનની હાંસી કરાવે છે. **निश्चय दृष्टि चित्त धरीजी पाले जे व्यवहार; पुण्यवंत ते पामशेजी भवसमुद्रनो पार.** શ્રી ઉપાધ્યાયની આ વાણીનો પરમાર્થ હૃદયમાં ધારણ કરીને અધ્યાત્મજ્ઞાનીઓ વર્તે તો અનેક મનુષ્યોને તેઓ અધ્યાત્મજ્ઞાનનો આસ્વાદ ચખાડી શકે. અધ્યાત્મજ્ઞાનીઓની સૂક્ષ્મ બુદ્ધિ હોવાથી તેઓ આત્મામાં ઉંડા ઉતરી જાય છે તેથી તેઓને વ્યવહારમાં રસ પડતો નથી એમ બને છે તોપણ તેઓએ જે જે અવસ્થામાં અધિકારભેદે ઉચિત વ્યવહાર હોય, તેને ન છોડવો જોઇએ. અધ્યાત્મજ્ઞાનીઓને પણ અધ્યાત્મજ્ઞાન આખી દુનિયામાં પ્રસરે એવા જ્યાં સુધી ભાવ હોય અને અધ્યાત્મજ્ઞાન સર્વત્ર આપવાનો ભાવ હોય ત્યાં સુધી તેઓએ વ્યવહારમાર્ગને અમુક અધિકાર પ્રમાણે અવલંબવો જોઇએ. ખાવાનાં પીવાનાં લઘુનીતિ અને વડીનીતિ તથા નિદ્રા અને આજીવિકાદિ કૃત્યો જ્યાં સુધી કરવાં પડે છે ત્યાં સુધી તેઓએ વ્યવહારધર્મ ક્રિયાઓને પણ અમુક દશાપર્યંત કરવી જોઇએ. વ્યવહારકુશલતાની સૂચના કર્યા બાદ અધ્યાત્મજ્ઞાનની ઉપયોગિતાનું વર્ણન કરવામાં આવે છે. અધ્યાત્મજ્ઞાન ખરેખર અમૃતરસ સમાન છે. અધ્યાત્મજ્ઞાનરૂપ અમૃત રસનું પાન કરવાથી જન્મ, જરા અને મરણના ફેરા ટળે છે.

---

# कर्तव्यशील जीवन.

( લેખક. ભોગીલાલ મગનલાલ શાહ. મુ. ગોધાવી. )

( અંક અગીઆરમાના પાને ૩૩૧ થી અનુસંધાન. )

કાર્યક્રમની પસંદગીમાં ઉદ્યોગના સ્વરૂપ અને પોતાની શક્તિના વિચારની ખાસ જરૂર છે. મનુષ્યની શક્તિના ન્યૂનાધીક્યના પ્રમાણમાં ઉદ્યોગના દરજ્જા પાડવાની જરૂર છે. જેમ શાળામાં અભ્યાસ કરતા બાળકોના માટે અભ્યાસના દરજ્જા છે, તેમ હુન્નર ઉદ્યોગાદિ માટે પણ તેવા દરજ્જા સ્વાભાવિક છે. દરેક ઉદ્યોગ આરંભતાં પોતાની સ્થિતિ શક્તિ તથા સંયોગોનો વિચાર કરવાની ખાસ જરૂર છે. એવું ઘણી વખત બને છે કે મનુષ્યો પોતાની સ્થિતિ અને શક્તિનો વિચાર કર્યા સિવાય ગજા ઉપરાંતના કાર્યમાં ઝોકાવે છે. પરિણામે યત્ન નિષ્ફળ જાય છે. યત્ન અફળ જતાં તેઓ નાઉમેદ થાય છે અને આખરે પ્રારબ્ધનો દોષ કાઢી નિરૂદ્યમી બનવા લલચાય છે. યત્નની નિષ્ફળતા ક્રમશઃ તેના કર્તવ્યબળનો ક્ષય કરે છે, અને

જો નિષ્ફળતા પુનઃ પુનઃ અનુભવવામાં આવે તો તેનું ઉદ્યોગબળ તદ્દન વિશિર્ણ થાય છે. તેને પોતાની શક્તિપર પૂર્ણ શ્રદ્ધા રહેતી નથી; ભવિષ્યમાં કોઈ પણ ઉદ્યોગ આરંભતાં તે ડરે છે; અને તેની સાહસિકવૃત્તિ નિર્મૂળ થાય છે. જેમ દેવતાની ચીણુગારીપર લાકડાનો મોટો ઢગલો કરવામાં આવે તો તે બુઝાઈ જાય છે તેમ ગજા ઉપરાંતનું કામ મનુષ્યના બળનો મિથ્યા ક્ષય કરે છે. એથી ઉલટું માફકસરનો ઉદ્યમ મનુષ્યની શક્તિમાં વિકાસ કરી ક્રમશઃ મહાભારત કાર્ય કરવાને તેને સમર્થ કરે છે. તેના કર્ત્તવ્ય બળનું પોષણ થઈ તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે. કર્ત્તવ્ય બળમાં શ્રદ્ધા હોવાથી તેનામાં નવિન ઉત્સાહ—જીવન રેડાય છે, અને કાર્યસિદ્ધિનું સુખ તે અનુભવે છે.

કાર્યપ્રવૃત્તિસમયે ધૈર્યની ઘણી જરૂર છે. અધીરા થવાથી અણીના સમયે મુનુષ્યો આખા કાર્યક્રમને નુકસાન પહોંચાડે છે. કોલમ્બસે તેના સોબતી નાવિકોની અધીરાઈને વશ થઈને પાછા ફરવાનું સ્વીકાર્યું હોત તો તેણે ભાગ્યેજ અમેરિકા ખંડ શોધી કાઢ્યો હોત. અપકવ ફળ મિષ્ટ હોતાં નથી; આમ્ર ફળમાં મૃગશર નક્ષત્રમાંજ મીઠાશ આવે છે; ખેડુત પાસે ખેતીની સર્વ સામગ્રી છતાં પણ અકાલે પાક નીપજાવી શકતો નથી; વાવ્યા પછી તેને બે ત્રણ માસ રાહ જોવીજ પડે છે; તેમ ઉદ્યોગની પરિપાક સ્થિતિનો આધાર સમયને અવલંબીને રહે છે. સમુદ્રમાં પ્રયાણ કરતા વહાણના માર્ગમાં અનેક ખરાબા આવે છે; છતાં તે પોતાના નિશ્ચિત માર્ગની આશા છોડતું નથી, તેમ મનુષ્યોને તેમના કાર્યપ્રવાહમાં અનેક વિઘ્નો નડે છે, છતાં ધીર પુરૂષો ધીરજ ખોતા નથી. અધીરા મનુષ્યો અવિચારી ગણાય છે. **अनारम्भोहि कार्याणां, प्रथमं बुद्धि लक्षणं । प्रारब्धस्यान्त गमनं, द्वितीयं बुद्धि लक्षणं** કાર્ય ન આરંભવું તે સારૂં પરંતુ આરંભ્યા પછી તેને અંત સુધીમાં સુજ્ઞોએ ત્યજી દેવું ન જોઈએ. અધીરા મનુષ્યથી કોઈ પણ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. કાચું કાપવાથી નુકસાન થાય છે. એવા ઘણા મનુષ્યો હોય છે કે જેઓ કાર્યક્રમની સિદ્ધિ માટેના યોગ્ય સમય પહેલાં ઉતાવળ કરે છે, અને પછી પસ્તાય છે. અધીરા મનુષ્યોમાં બુદ્ધિબળ કરતાં ઉત્સાહ બળ વિશેષ હોય છે. ઉત્સાહ એન્જીનની વરાળરૂપે છે; જો તેનાપર બુદ્ધિબળનો અંકુશ ન હોય તો તે સ્વચ્છંદે વર્તે છે. કાર્ય સાધનાના અતીવ ઉત્સાહથી પ્રેરાઈને વિવેકબુદ્ધિની પ્રેરણાઓને તે દબાવી દે છે, અને મનુષ્યને કાર્યપ્રવાહના ક્રમ પ્રતિ દુર્લક્ષ્ય રાખી તેના ફળપ્રતિ આતુર બનાવે છે.

કર્તવ્યને કર્તવ્યની ખાતરજ કરવું જોઇએ. ફલના અધીરા અને અત્યંત આતુર મનુષ્યો કર્તવ્યપરાયણતાનો હેતુ સમજી શકતા નથી. મનુષ્ય-જીવનમાંના ઘણા પ્રસંગો એવા હોય છે કે જે સમયે નિષ્કામવૃત્તિથી કાર્ય કરવાની જરૂર પડે છે. તે વ્યાવહારિક કાર્યો જેવાં કે મિત્ર વા સંબંધીના લાભ અર્થે કોઇ કામ કરતાં ઘણે પ્રસંગે નિઃસ્વાર્થબુદ્ધિ ધરવી ઉપયુક્ત ગણાય છે. પરોપકારનાં કૃત્યોમાં સ્વાર્થ સાધવાનો કે કાંઇ બદલો મળવાનો હેતુ ભાગ્યેજ હોય છે. કોઇ પણ ધાર્મિક કાર્ય કરતો પ્રત્યક્ષ ઐહિક લાભ અલ્પાંશે આપણી દ્રષ્ટિએ પડે છે, છતાં શાન્તિના સુખ અર્થે બલ્કે આમુષ્મિક સુખને અર્થે, અને વાસ્તવે સુજ્ઞ મનુષ્યો કર્તવ્યને કર્તવ્ય ગણીનેજ આચરે છે.

**कर्त्तव्य मेव कर्त्तव्यं प्राणैः कण्ठ गतै रपि ।**
**अकृत्यं नैव कर्त्तव्यं प्राणैः कण्ठ गतै रपि ॥**

જે કંઇ કરવા યોગ્ય છે, તે કંઠે પ્રાણ આવતા સુધી કરવું અને જે કાંઇ કરવું અનુચિત છે તે આમરણાંત કષ્ટ આવે તોપણ ન કરવું. જ્યાં સુધી જીવમાં જીવ છે, ત્યાં સુધી મનુષ્યમાત્રને પોતાનું કર્તવ્ય કરવાનું હોય છે. તે ગમે તેવા અલ્પ સંયોગોમાં હોય પરંતુ તે સંયોગોને અનુસરીને તેની હાજતો પ્રમાણે તેને પોતાની ફરજો બજાવવાની હોય છે. આપણો અંતિમ ઉદ્દેશ ફળનો હોવા છતાં પણ પ્રારંભમાં તે ઉદ્દેશની સિદ્ધિ અર્થે ચઢતા ઉતરતા ક્રમો ઉપરજ દષ્ટિ રાખવી પડે છે: અને ક્રમ સચવાતાં ફળની સિદ્ધિ પણ પ્રાપ્ત થાય છે. માત્ર ફળપર દષ્ટિ રાખવાથી અધીરાઇ આવે છે, અને ક્વચિત્ નિષ્ફળ થયે કર્તવ્યપર શ્રદ્ધા રહેતી નથી. આ હેતુથી ફળનો હેતુ ગૌણ રાખીને જો કર્તવ્યપરાયણતાનેજ પ્રાધાન્ય આપવામાં આવે તો ક્વચિત્ નિષ્ફળતા આવતા છતાં પણ સ્વસ્થ રહી શકાય છે. **यत्ने कृते यदि न सिध्यतिकोऽत्र दोष** યત્ન કરતાં જો અમુક કાર્ય સિદ્ધ થાય નહિ તો તેમાં દોષ કાઢવાજેવું થોડુંજ હોય છે કારણ કે કર્તવ્યશીલ મનુષ્યને તેનું હૃદય ધીરજ આપે છે. તેણે યત્ન કરેલો હોવાથી તેનું ચિત્ત સ્વસ્થ રહી શકે છે.

કર્તવ્યક્રમમાં પ્રવૃત્ત થવાને વીરત્વની આવશ્યકતા છે. સત્વહિન નિર્બળ સુસ્ત મનુષ્ય કોઇ કાર્ય સાધી શકતો નથી. બળહીન મનુષ્ય શ્રમથી કંટાળી કોઇ પણ સાહસની મહેનત માથે લેતોજ નથી. રંક મનુષ્યોના મનોરથોની માફક નિર્બળ મનુષ્ય ગમે તેટલો ઉત્સાહ રાખે, પરંતુ જેમ વર્ષા-

ઋતુનો ગર્જારવ ઘંટીના નાદ કરતાં વિશેષ ભયપ્રદ થઇ પડતો નથી, તેમ તેનો ઉત્સાહ ગમે તેટલો તીવ્ર હોવા છતાં તેને કાર્ય પ્રવૃત્તિમાં જોડવા સમર્થ થતો નથી. નિર્બળ અને પોચા હૃદયનો મનુષ્ય અલ્પ અને નજીવાં સંકટોથી કંટાળી જાય છે. તે કોઇ કાર્ય આરંભતો નથી, અને કદાચ આરંભે તો અનેક પ્રકારની મુશ્કેલીઓ કલ્પી, કોઇ પણ પ્રકારનું બહાનું કાઢી પોતાના મનનું સમાધાન કરે છે, એથી ઉલટું વીરપુરૂષ કોઇ પણ સાહસ ખેડવામાં પાછી પાની કરતો નથી. તે શોધ ખોળ માટે યત્ન કરે છે; નિષ્ફળતાથી હિમ્મત ના હારતાં પુનઃ પુનઃ યત્ન કરી આખરે વિજય પામે છે. બીરૂ કંગાળ, અને કોઇ પણ કાર્યપ્રવૃત્તિમાં ન ઝોકાવનાર મનુષ્યમાં હિમ્મતનો અંશે પણ પ્રાદુર્ભાવ થતો નથી. તે પરાક્રમી અને બળવાન થતો નથી. તેનામાં હૃદયબળ, હિમ્મત, મર્દાઇના ગુણો આવતા નથી, પરાર્થે પ્રાણાર્પણ કરવાનો કે સ્વાત્મભોગ આપવાનો અત્યુત્તમ ગુણ જે વીરત્વનું ઉગ્રસ્વરૂપ છે, તે ગુણના બીજનો અંશે પણ તેનામાં વિકાસ થતો નથી. જે ગુણને લીધેજ જગતમાં મહા પુરૂષોએ અમર કીર્તિ મેળવેલી હોય છે, અને સ્વ-તેમજપર ઉભયના કલ્યાણ નિમિત્તે દેહાર્પણ કર્યું હોય છે, તે ગુણનો અંશે પણ તેનામાં પ્રાદુર્ભાવ થતો નથી. વીરત્વનો ગુણ કે જે ક્રમશઃ—વધતાં જ્યાં તેના અતિ મોટા સ્વરૂપમાં ભાસે છે ત્યાં તેનો અદ્ભુત ચમત્કાર જણાય છે. એકંદરે નિર્બળ, નિઃસત્વ, ભીરૂ મનુષ્યથી કોઇ પણ મહાભારત કાર્ય થઇ શકતું નથી. તે ભાગ્યેજ સ્વાશ્રયી હોય છે. પીંડ પોષી અને સ્વાર્થી હોઇ સ્વરક્ષણમાંજ તે જન્મ સાર્થક માને છે. મનુષ્યજન્મનું સાર્થકભૂત દયા તે કરી શકતો નથી. તે આળસુ અને સુસ્ત થઇ પડી રહે છે, અને અન્યને બોજારૂપ થઇ પડે છે.

આળસ એ મનુષ્યના શરીરમાં રહેલો મોટો શત્રુ અને ઉદ્યોગ બંધુ સમાન છે.

ઉદ્યોગ કરવાથી માણુસ અવનતિ પામતો નથી.

**आलस्यं हि मनुष्याणाम् शरीरस्थो महारिपु ।**
**नास्त्युद्यम समो बन्धुः कृत्वायं ना वसीदति ॥**

ઉદ્યોગ મનુષ્યના મનનો વિષાદ દૂર કરે છે, અને તેને અગણિત સુખો અર્પે છે. ઉદ્યોગી મનુષ્યને લક્ષ્મી વરે છે. તે કુળવાન અને વિદ્વાન ગણાય છે. તે નીતિવાન હોઇ ગુણવાન ગણાય છે. તે આરોગ્ય પ્રાપ્ત કરે છે, અને

દરેક પ્રકારનુ સુખ અનુભવે છે. કુદરતના મહાન્ તત્ત્વોથી શરૂ કરીને કીડી જેવા છેક નાના પ્રાણી સુધી કુદરતની સર્વ ચીજો કર્ત્તવ્યશીલ જીવન ગાળતી દષ્ટિગોચર થાય છે. મધમાખી જેવું નાનું પ્રાણી પણ કેટલું ઉદ્યોગી છે. અહોનિશ નિયમસર સૂર્ય અને ચંદ્રનો ઉદય અસ્ત થયે જાય છે. ટાઢ તાપ વૃષ્ટા ક્રમશઃ આવ્યાં કરે છે. વસ્તુમાત્ર પોતાના ધર્મ પ્રમાણે કર્ત્તવ્ય કરે છે. કર્ત્તવ્ય સાચા મિત્ર સમાન છે. કર્ત્તવ્ય મનુષ્યને સંસારસમુદ્રમાં તરવા નૌકાસમાન છે. મહાત્મા શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વિષેના પોતાના ભાષણમાં ડૉ० **પીટર્સન** કહે છે કે તેમણે કર્ત્તવ્યના સંબંધમાં મનુષ્યને જે બોધ કરેલો છે તેની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ન્યૂન છે તેઓ કહે છે કે " જગતમાં કર્ત્તવ્ય એ વસ્તુ સર્વથી મોટી છે, જે મનુષ્ય કર્ત્તવ્ય સમજે છે, તે હમેશાં પરિણામે સુખી થયા વિના રહેતો નથી. આ દુનીઆરૂપી સમુદ્રના અગાધ પાણીમાંથી ડૂબતાં બચવું હોય તો કર્ત્તવ્યરૂપી નૌકા ફક્ત તમને બચાવી શકશે. દરીઆ પૃથ્વી પર ફરી વળતો નથી. ને વાદળાંઓ વરસાદ આપે છે, તે સઘળું તે દરેક પોત પોતાનું કર્ત્તવ્ય બજાવવાથી કદી પણ પાછળ પડતાં નથી તેને લીધેજ છે. કર્ત્તવ્ય એજ માણસના સાચા મિત્ર સમાન છે. તે લાચારને એક આશ્રયદાતા સમાન છે. જે પોતાનું કર્ત્તવ્ય કરવામાં સાચો છે તેને કદી કંઈ નુકસાન થવા પામતું નથી. કર્તવ્ય એજ માણસને નરકમાં પડતાં બચાવી લે છે, ને સ્વર્ગમાં તેડી જાય છે. " જૈન. ધ० પ્ર० અંક ૮ મો.

મનુષ્ય જીંદગીના નાના કે મોટા જે સ્વરૂપમાં હોય તેને તદનુરૂપ ધર્મકર્ત્તવ્ય કરવાનું છે. જે મનુષ્યો કર્ત્તવ્યશિલ હોય છે તેઓ વ્યાધિના ભોગ થઇ પડતા નથી, તેઓ ઉદ્યોગી હોવાથી શરીરે આરોગ્ય અને મનથી શાન્ત અને સ્વસ્થ રહી શકે છે. કર્ત્તવ્યનો સાચો મિત્ર નિર્લોભ અને નિષ્કામ વૃત્તિથી પોતાનું કર્ત્તવ્ય કરે છે. જે કર્ત્તવ્યમાં પ્રેરાયેલો છે તે કાર્યસાધનાનો માર્ગ સરળ રીતે શોધી કાઢે છે.

# स्त्री केळवणी.

The woman's cause is man's they rise or sink
Together, dwarfed or godlike, bond or free;
If she be small, slight-natured, miserable,
How shall men grow ?

*Tenyson.*

અર્થ—સ્ત્રીઓનો પક્ષ તેજ મનુષ્યનો પક્ષ છે. વામન તરીકે કે દેવ તરીકે, ગુલામ તરીકે કે સ્વતંત્ર તરીકે તેઓ સાથેજ ઉંચે ચડે છે કે નીચે પડે છે.

જો સ્ત્રીઓ નાની, હલકા સ્વભાવની અને કંગાળ હશે તો મનુષ્યોનો ઉદય શી રીતે થઇ શકશે ?

આ ઉપરથી અમારા વાંચકવૃંદ જોઈ શકશે કે પુરૂષોએ કદિ સ્ત્રીઓને કેળવણીથી બેનશીબ રાખવી જોઇએ નહિ. નિશાળીઆમાં દુર્ગુણ હોય તો તેનો જવાબદાર તેનો માસ્તર ગણાય, પુત્રી ખરાબ હોય તો તેની જવાબદાર તેની માતા ગણાય, તેમ જો સ્ત્રીઓની અવનતિ ગણાય તો તેના જવાબદાર પુરૂષ વર્ગજ છે. માટે બંધુઓ ! સ્ત્રીઓને પુરૂષોએ કેળવણી આપવી તે તેના માટે આ દુનિયામાં મોટામાં મોટી ફરજ યોજાએલી છે. જો તેઓની કર્તવ્યતા સબંધી નિહાળીશું તો આપણુને સ્પષ્ટ સમજાશે કે તેઓ પુરૂષોને કેટલો તેમના ગ્રહકાર્યમાં આનંદ આપે છે. સંતપ્ત મનુષ્યોને જેમ વૃક્ષની શીતળ છાયા વિશ્રામ સ્થાન છે તેવીજ રીતે મનુષ્યને સંસારી ખટપટમાં બળી ઝળી રહેલ મનને તે એક ઘડીભર શાંતિનું સ્થળ છે. વળી તે મનુષ્યોના અંતઃકરણને આનંદ આપે છે. મહેનત મજુરીને અતિ વિશ્રામસ્થાન છે. દુખની છેલ્લી ઘડીએ દીલાસો આપનાર છે અને બધી વખતે ખુશી ખુશી કરનાર છે. એજ ઘર કે જ્યાં સદ્ગુણી સ્ત્રી છે. આ પ્રમાણે સારામાં સારૂં ઘર એ એક સર્વોત્તમ નિશાળ છે કે જે યુવાવસ્થામાં તેમજ ઘડપણમાં પણ ઘણીજ ઉપયોગી છે. ત્યાં જુવાન અને ઘરડાઓ આનંદ, સહનશીલતા, પોતાના મન ઉપરનો અંકુશ પ્રભુજીના ગુણનું પવિત્ર કથન અને પોતાના રત્નચિંતામણીરૂપી પવિત્ર ધર્મનો જુસ્સો શીખે છે. ઘર એ વળી સભ્યતાની પણ સર્વોત્તમ નિશાળ છે અને તે નિશાળનો શિક્ષક સ્ત્રી છે. જો બાળકોને વખતે અજ્ઞાનથી ભ-

રપુર તેમજ બીન કેળવાયલી સ્ત્રીની સંભાળ નીચે જો રાખવામાં આવે તો પણ તે બાળક જો નાનપણથી સારી કેળવણી પામેલું હશે તો તેના કોમળ આરસી જેવા દેદિપ્યમાન મગજ ઉપર એટલી બધી કદી પણ નઠારી અસર તે ખરાબ સ્ત્રી કરી શકશે નહીં. જો સ્ત્રી આળસુ, દુરાચારી, અજ્ઞાની અને ફુવડ હશે અને જો તેના ઘરમાં હંમેશાં કલેશ અસંતોષ અને કઠોરતા હશે તે ઘર એક દુઃખરૂપ સ્મશાનની માફક લાગશે અને તે ઘરની પાસે જવા કરતાં તેનાથી સજ્જન પુરૂષોને દુર રહેવું વધારે પસન્ન પડશે. કેળવણી પામેલી સ્ત્રીનો સંસારરૂપી બગીચો મહાન ગુણોરૂપી ફુલોથી ઘણોજ દેદીપ્યમાન થાય છે અને એથી ઉલટું અભણ અને બીન કેળવાયલી સ્ત્રીનો છે. જો જંગલની અંદર વાઘ વરૂ વગેરે બીજા હિંસા કરનારાં પશુઓ હોય છે તો તે રસ્તે જવાને કોઇ પણ માણસ હિંમત કરશે નહી તેમજ અભણ સ્ત્રીના કલેશ, ક્રોધરૂપી વાઘવરૂ આગળ તેના જંગલ રૂપી ઘર આગળ કોઇ જવાને હિંમત કરશે નહિ. આપણું ઘરસુત્ર સ્ત્રીઓના હાથમાં છે અને તે ઘરના વ્યવહારની સુત્રધાર છે. જ્યારે આપણા દેશની માતાઓ સુધરશે અથવા કેળવણી લેતી થશે ત્યારે આપણને પણ ઉંચુ જ્ઞાન પ્રાપ્ત થશે અને જે કાંઇ આ ક્ષણભંગુર દુનીઆમાં આપણે કરવા ચાહશું તેઆપણાથી સહેલાઇથી બની શકશે. જો સ્ત્રીઓ આપણા સતશાસ્ત્રના લખાયલા કે કહેલા રત્નચિંતામણી રૂપી ધર્મનું જ્ઞાન જાણતી થશે અને તેનું અનુકરણ કરતી હશે તોજ આપણે આપણો પૂર્વકાળના જેવો જાહોજલાલીનો વખત એક વખત પાછો જોવાને ભાગ્યશાળી થઇશું, માટે મારા હે સુજ્ઞ બંધુઓ ! બાળક બાળકીઓને શિક્ષણ આપવાને ચુકવું નહિ. તેમની પ્રાથમિક શાળા તે તેમની માતાઓજ છે. બીજી અનેક સ્કુલોમાં વધેતિક શિક્ષણ લેવામાં આવે તો માતા તરફના શિક્ષણની જે અસર થાય છે તે બીજી નિશાળોથી થવાની નથી કારણ કે બીજી નિશાળોમાં મહેનત કરવાથી જ્ઞાન મળે છે ત્યારે આ પ્રાથમિક નીશાળમાં બીન મહેનતે, અનાયસે જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેવી રીતે માતાઓ ચાલે છે તેવીજ રીતે તેમના બચ્ચાંઓના કુમલા હૃદયરૂપ આદર્શમાં પ્રતિબિંબરૂપે પડે છે ને તે આખી જીંદગાની સુધી જતું નથી. માટે પ્રથમ તો માતાઓએજ સદ્વર્તન રાખવું યોગ્ય છે. જ્યાં સદ્વર્તન હોતું નથી ત્યાં તે દંપતી કદી પણ સુખ પામતાં નથી માટે મારા હે સુજ્ઞ બાંધવો ! પ્રથમ સ્ત્રી કેળવણીનીજ ખાસ જરૂર છે. આપણા મહાન્ તીર્થંકર ભગવાનો તેમજ ગણધરાદિ મહાત્માઓનો ઉદ્ભવ પણ સ્ત્રીઓમાંથીજ

થયેલાછે માટે ઈંદ્રાદિક દેવતા પણ "નમો રત્નકુક્ષિધારિકો" એમ કહી ભગવાનની માતાઓને નમસ્કાર કરે છે અને બે હાથ જોડી અરજ કરે છે કે આવા પુત્રરત્નને તમે જન્મ ન આપ્યો હોત તો આ સૃષ્ટીના અને અમારા શું હાલ થાત તે અમે કહી શકતા નથી. તમારા પુત્રરત્નના અવલંબનથી આ ભયંકર સંસારસમુદ્રને તરી ભવ્ય પ્રાણીઓ અજરામર પદને મેળવવા ભાગ્યશાળી બને છે. અતઃએવ શ્રી ઋષભદેવ ભગવાને પોતાની **બ્રાહ્મી** અને **સુંદરી** નામની પુત્રીઓને સારૂં શીક્ષણ આપી સ્ત્રીકેળવણીની શરૂઆતનો દુનિયા ઉપર દાખલો બેસાડ્યો છે તે દીવસથી આપણામાં (જૈનમાં) નદીના પ્રવાહની પેઠે ચાલતા આવેલા સ્ત્રીકેળવણીના રીવાજને અનુસરીને **મલયાસુંદરી** પ્રમુખ બાલીકાઓએ લઘુ વયથીજ સાંસારિક–નૈતિક અને ધાર્મિક જ્ઞાન સંપાદન કરવાનો પ્રારંભ કર્યો હતો, તેનું પરિણામ એવું સુંદર આવ્યું હતું કે તેને પતિસેવા બજાવી, પોતાના પિતાને ધર્માત્મા બનાવી સાક્ષાત્ ધાર્મિક ફલનો પુરાવો આપી દુનીયાને એવી અજાયેબીમાં નાંખી દીધી છે કે તેનાં કેટલાંક વરસો થઇ ગયાં પણ તેના હજુ સુધી ગુણગાન થાય છે એટલુંજ નહિ પણ ધર્મગુરૂઓ પણ ૭ ૭ મહિને ચૈત્ર આસો માસની શાશ્વતી અટ્ટાઇઓમાં અર્થાત્ આંબિલની ઓળીઓમાં શ્રીપાલ ચરિત્ર વાંચતાં તેના સારા ગુણનું વ્યાખ્યાન આપે છે. વળી પરમ પ્રભાતે જે સોળ સતીઓનાં નામ લેવામાં આવે છે તેમાં ચૌદ પૂર્વધર શ્રી સ્થુલિભદ્ર સ્વામીની સાત બેનોનાં નામ મોજુદ છે. તેમને બાલ્યાવસ્થામાં નંદ રાજાની સભા સમક્ષપ્રજ્ઞતા દક્ષતા અને વિદ્ગતાથી ૧૦૮ મહા કાવ્યોનો વિચારપૂર્વક ઉચ્ચાર કરી આખી રાજસભાને આશ્ચર્યમાં ગરકાવ કરી હતી, જેનું પરિણામ એવું આવ્યું કે પ્રખ્યાત વરરૂચિ વિદ્વાનને રાજસભામાંથી પલાયન કરવું પડ્યું હતું. તે સાતે બેનોનું બુદ્ધિબલ એવું તો અજાયેબી ઉપજાવનારૂ હતુ કે વિદ્વાનોની માફક એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, વાર સાંભળેલા કાવ્યોને તે ક્રમથી ઉચ્ચાર કરી શકતી હતી એટલે પેહેલીની મગજ શક્તી એવી ખીલેલી હતી કે, તે એકવાર જેટલું શ્રવણ કરે તે યાદ રાખી શક્તી હતી. બીજી બે વાર અને ત્રીજી ત્રણવાર એવી રીતે સાતમી સાતવાર સાંભળેલું ધારણ કરી શક્તિ હતી. વળી ભોજરાજાની રાજસભામાં છુટથી બોલનાર ધનપાલ પંડિતે પણ પોતાની પુત્રીને બાલપણાથી સારૂં શિક્ષણ આપી તેની મગજ શક્તી એવી ખીલવી હતી કે તેને એક અદ્વિત્ય મદદગાર થઇ પડી હતી તેનું વર્ણન પ્રબંધ ચિંતામણી આદિ ગ્રંથોમાં એવું વાંચવામાં આવ્યું છે કે એક વખતે

ધનપાલે નવીન ગ્રંથનું ગુંફન કરી તે ગ્રંથ ભોજ રાજાને દેખાડ્યો તે જોઇ વંચાવી તેની ચિત્ર · કવિતાથી ચિત્રીત ચિત્તવાળો તે ભોજ ઘણો ખુશી થયો અને તેમાં નાયક તરીકે પોતાનું નામ દાખલ કરવા તથા રૂષભ દેવને બદલે ઇશ્વર અને અયોધ્યાને બદલે ધારા નગરી એવો ફેરફાર કરવાને તેને લલચાવ્યો. પરંતુ એ ધર્મવિરૂદ્ધ હોવાથી ધનપાલે તેમ કરવાની ના પાડી તેથી તે ભોજ રાજાએ તે ગ્રંથ મહાન્ બલાત્કારથી ધનપાલ પાસેથી લઇને દેવતામાં બાળી નાંખ્યો. આથી ધનપાલ ઘણોજ દીલગીર થયો અને પોતાને ઘેર આવ્યો ત્યારે તેની પ્રીય પુત્રીએ પોતાના બાપને દીલગીરી થવાનું કારણ પૂછ્યું તે વખતે પણ તેની મરજી કહેવાની ન હતી તોપણ તેના અતિ આગ્રહથી સઘળી રાજસભામાં બનેલી વાત કહી ત્યારે તે જલદીથી બોલી ઉઠી કે પિતાશ્રી આપ નિરાશ થશો નહિ કારણ કે આપના બનાવેલા ગ્રંથનાં પાનાં હું બાલક્રીડાથી જોતી રહી છું તથાપિ તે ગ્રંથ મારા કંઠસ્થ રહેલો છે. વાસ્તે આપ હવે ઝડપથી લખવાનો આરંભ કરો. તેવું પુત્રીનું કર્ણામૃત સદ્રશ વચન સાંભળી ધનપાલ ઘણો ખુશી થયો અને જાણે નવું જીવન આવ્યું હોય તેમ તે ફરીથી ગ્રંથ લખવા લાગ્યો. જ્યારે તે પુરેપુરો લખાઇ ગયો ત્યારે તે કદરદાન પિતાએ પુત્રીનું પવિત્ર નામ તે પુસ્તક સાથે જોડી દઇ “ **તિલક મંજરી** ”ના નામથી તે પુસ્તક પ્રસિદ્ધ કર્યું. આ પ્રમાણે આપણા જૈનના ગ્રંથોમાં સ્ત્રીકેલવણીના હજારો બલકે લાખો દાખલા છે તોપણ હજુ સુધી આપણે કાંઇ પણ કરતા નથી. પ્રીય બાંધવો ! આવી રીતે કેળવાયલી બાલીકાઓ ઉભયકુલને શોભાવવા દીપક સમાન નીવડે છે એટલુંજ નહિ પણ બલ્કે ‘ વાવે તે લણે ’ એ કહેવત પ્રમાણે તેમણે શીક્ષણ આપનાર આસ્વાદ લેવા ભાગ્યશાળી બને છે. અલબત એ તો નિર્વિવાદ છે કે કેળવાયલી કણક જ્યારે કેળવનારને પુરી, કચોરી, પુરણપોળી અને રોટલી રોટલારૂપ થઇ સંપૂર્ણ તૃપ્ત કરે છે તો કેળવાયેલી નાની બાલકીઓ કુલ દીપાવી સંસારીક, સામાજીક અને ધાર્મિક કાર્યમાં મદદગાર થઇ માતા પીતા, ગ્રામ નગર અને જનપદવાસીઓને મદદગાર થાય તેમાં શું આશ્ચર્ય છે. માટે આપણામાં (જૈનમાં) જ્યાં સુધી સ્ત્રીકેળવણીની મદદ નહીં થશે ત્યાં સુધી આપણામાં પૂરેપુરૂં જ્ઞાન પ્રાપ્ત થવાનો બીલકુલ સંભવ નથી. વળી આપણી પડતી નાં કારણોનો વિચાર કરતાં અનેકમાંનું મુખ્ય અને સબળ કારણ આપણી અબળાઓની શોચનીય સ્થિતિનું માલમ પડે છે. જ્યાં સુધી માતાઓ અજ્ઞાનના અંધકારમાં અથડાય, તેમને પશુસમાન સ્થિતિમાં સબડવા દેવામાં આવે

ત્યાં સુધી આપણી ઉન્નતિનાં બીજાં કાર્યોમાં—પ્રયાસોમાં સફળતાની આશા શી રીતે રાખી શકાય ? વળી કેળવણીની આવશ્યકતાના સંબંધે વર્ણવતાં એક મહાન્ વિદ્વાન લખે છે કે માળી લોકો જેમ નાના રોપાને પાણી વિગેરે સિંચી તેનું બરોબર જતન કરી ફળની આશાએ તે વૃક્ષના રૂપમાં ઉછરે છે જો કે ખરી રીતે તેને ડાળી, ડાળાં, પાંદડાં વિગેરેની અગત્યતા વિશેષ પ્રકારે હોતી નથી છતાં ડાળી ડાળાં, પાંદડાં વિગેરે સર્વનું જતન કરી રોપાને ઉછેરે છે તે ફક્ત એક ફળ મેળવવાની આશાએ. તેમજ પુરૂષોએ ઉત્તમ પ્રજાપ્રાપ્તીવાસ્તે પણ સ્ત્રીઓને કેળવવી જોઇએ. જો કે સ્ત્રીકેળવણીથી થતા અગણ્ય લાભ છે છતાં આપણે આપણુ એક મોટા પ્રકારનો લાભ મેળવવાને સ્ત્રી કેળવણીની ઘણીજ આવશ્યકતા છે. વળી દેશોન્નતિના કામમાં પણ સ્ત્રીવર્ગ મહા અગત્યનો ભાગ ભજવે છે. મહાન્ નેપોલીઅન તે સબંધમાં કહે છે કે—

કહે નેપોલીઅન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દો માતાને જ્ઞાન.

માટે દેશની અભિવૃદ્ધિપરત્વે પણ સ્ત્રીવર્ગને કેળવવાની જરૂર છે. વળી શાસ્ત્રોમાં સ્ત્રીઓને પુરૂષોની અર્ધાંગનાઓ કહેલી છે અર્થાત્ તે તેના પુરૂષનું અર્ધું અંગ ગણાય છે. હવે જો આપ આ સંબંધી વિચાર કરશો તો આપણને સ્હેજ જણાશે કે જ્યારે કોઇ વસ્તુનાં બે પાસામાં એક પાસુ નબળુ હોય ને બીજું સારૂં હોય તો તે શોભામાં પણ કેવું શોભી શકે ! એક પાસે સોનું ને એક પાસે પીતળ, એક પાસે કસ્તુરી ને એક પાસે ડુંગરી, એક પાસે સુરંગ ને એક પાસે કુરંગ, શું આમ હોવાથી તે કદિ શોભાને આપી શકે છે ? કદિ નહિ. માટે બંધુઓ ! પુરૂષો વિદ્વાન રહે અને સ્ત્રીઓને વિદ્યાહિન રાખે એ શું પુરૂષોને છાજતી વાત છે ? જો કોઇ પણ મોટામાં મોટી સ્વાર્થતા હોય તો પુરૂષોના અંગે આનાથી બીજી કઇ સ્વાર્થતા કહેવાય. ખરેખર જો પુરૂષવર્ગ સ્ત્રીઓને કેળવણીથી બેનશીબ રાખે તો તે એક તેમને મોટા કલંકરૂપ છે. માટે જો શાસ્ત્રોનું કથન સત્ય પાડવું હોય તોપણ સ્ત્રીઓને કેળવણી અપાવવી જોઇએ. છેવટ અમારા સુજ્ઞ વાંચકવૃંદને વિજ્ઞપ્તિ કે આ વિષયપરત્વે તેઓએ પૂર્ણ લક્ષ આપવું જોઇએ, અને સ્ત્રીકેળવણીના સંબંધમાં યથાશક્તિ દરેકે પ્રયત્ન કરવો જોઇએ એટલું કહી વીરમું છું. ॐ श्री गुरुः

# જીવદયા પ્રકરણ.

( લેખક—શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ. )

## જે માંસનું ભક્ષણ કરતો નથી તેજ ખરેખરો દયાળુ છે.

બંધુઓ !

હું ગયા અંકમાં માંસાભક્ષ વિશે **મી. થોમસ કે જે લંડનમાં મોટા વહાણો બાંધવાની જગ્યાના ઉપરી છે તેમણે** આપેલા ભાષણનો સાર ટાંકી ગયો છું તે ઉપરથી જણાયું હશે કે માંસ એ ખોરાકને માટે મુદ્દલ વાપરવા યોગ્ય નથી. તેનાથી પાચનક્રિયા પણ બરોબર થતી નથી. તેમ તે ખર્ચમાં પણ વધુ છે આવી રીતના તેમાં અગણિત ગેરફાયદા સમાયલા છે. આ ઉપરાંત વળી માંસભક્ષણમાં બીજા અનેક દુર્ગુણો ગર્ભિતપણે સમાયેલ છે જેનું યતકિંચિત્ આ સ્થળે હું વર્ણન કરું છું.

**માંસભક્ષણ ઇન્દ્રીઓ અને વિકારોને જાગૃત કરે છે અને આખા શરીરને ઉશ્કેરી મુકે છે.** આ મુજબ જાગૃત થએલા વિકારોને સંતોષવાને તથા પોષવાને ઘણા ઉત્તેજક પદાર્થો ખાવાની જરૂરીઆત રહે છે જેથી દારૂ પીવાની ખાયશ પડે છે કારણકે જેમ અફીણી માણસને અફીણ વિના ચાલેજ નહીં તેમ માંસભક્ષણ કરનારને ઘણેખરે ભાગે દારૂ પિધા વિના ચેન પડતુજ નથી. નશીબવાન માણસને જેમ ભાગ્યદેવી વરેલી હોય છે તેમ માંસભક્ષીઓને દારૂદેવીએ સ્વહસ્તથી વરમાળા અર્પેલીજ હોય છે. હવે દારૂથી કેવાં નુકશાન છે તે હાલના જમાનામાં કંઇ બતાવવાની જરૂર નથી. તપતપતા સૂર્યના તેજ આગળ મશાલ ધરવી એ નિરૂપયોગી છે તેમજ દારૂનિષેધક મંડળીઓએ, દેશશુભેચ્છુ વકતાઓએ તે વિષે હાલના જમાનામાં ઘણું અજવાળું પાડયું છે અને દારૂથી થતા ઢગલાબંધ અસંખ્ય નુકશાનો, દાખલા સાથે સમજવા મનુષ્યની દ્રષ્ટિસમીપ રજુ કર્યાં છે એટલે એ વિષે ઇસારો કરવાની આ સ્થળે હું આવશ્યકતા ધારતો નથી. ટુંકાણમાં એટલુંજ કે માંસભક્ષણથી દારૂ પીવાની લઢણ પડે છે અને તેથી તે વર્જ્ય કરવાની જરૂર છે.

વળી વિકારી માણસો રંડીબાજીને ઉન્માદી પણ થઇ શકે છે. તેમજ કપટી અને દુર્જન માણસોના હાથમાં વખતે મદારીના હાથમાં વાંદરાની જેમ આધીન થઇ રહે છે. શાસ્ત્રમાં અતિશય વિકારી આદમીને આંધળા કહ્યા છે કારણકે કમળા

વાળા આદમીને સર્વત્ર પીળું જણાય તેમ વિકારી આદમીને સાર અસારની ખબર પડતી નથી તે વખતે મહા અનર્થને પ્રાપ્ત થાય છે. ઉન્માદથી ઘેલછા વધે છે અને ઘેલચ્છાથી ગાંડાપણું પ્રાપ્ત થાય છે અર્થાત્ માંસભક્ષીઓને છેવટે આવી દશા પ્રાપ્ત થાય છે. માંસભક્ષી આથી પોતાની માંસ ખાવાની ટેવ છોડશે તો તેથી કરી ઉચ્ચ દશા પ્રાપ્ત કરશે અને જો ઉચ્ચ દશા થાય તોજ મનુષ્યજીવન સફળ છે—નહીં તો સોગઠાબાજીના સોગઠા પેઠે આ સંસારમાં ચોરાશી લાખ જીવાયોનીમાં અવારનવાર જન્મો લીધાંજ કરે. ઘાંચીની ઘાણીના બળદની પેઠે આંટા માર્યા જ કરે. આથી કરી માંસભક્ષીને અનેક પ્રકારનાં દુઃખ ભોગાવવાં પડે છે માટે ઉચ્ચ લાગણી ખીલવવાને માંસભક્ષીઓએ માંસ ત્યજવું જોઇએ.

**માંસ ભક્ષણથી માણસ ચીડીઓ બને** છે. વળી બીજું મોટું નુકસાન એ છે જે માંસભક્ષીનો સ્વભાવ ચીડીઓ થઇ જાય છે. ચીડી આ સ્વભાવથી માણસની વખતે ઉચ્ચ લાગણીનો ક્ષય થાય છે. જો ઉચ્ચ લાગણી હોય તોજ ઉચ્ચ કાર્ય થાય અને ઉચ્ચ કાર્ય થાય તોજ મનુષ્ય ઉન્નત્તિના શિખરે ચઢી શકે છે. ચીડીઆપણાથી માણસ કદિ વસ્તુનું ખરૂં સ્વરૂપ પ્રાપ્ત કરી શકતો નથી તેમજ તે સહન શીલતાનો ગુણ પ્રાપ્ત કરી શકતો નથી તેમ વખતે આંડનું ચોંડ વેતરી દે છે તેમજ સાહસ કામ કરી દે છે. આવી રીતે ચીડીઆપણાથી ઘણાં નુકશાન છે તે માંસ ભક્ષી પ્રાપ્ત કરે છે માટે માંસનો ખોરાક તે કોઇ પણ પ્રકારે ઉત્તમ છે એમ તો કદી કહી શકાશે નહિં.

વળી **માંસ ખાવામાં ઘણો ભય રહેલો છે** કારણ કે કોઇ પ્રાણીઓ રોગની ઉપાધિથી સડી ગએલાં હોય છે યા તો કોઇ રોગવાળાં પણ હોય છે. આથી તે પ્રાણીઓનું માંસ ખાવાથી માંસભક્ષીઓને ઘણું નુકશાન થાય છે. આથી કરી તેવા જીવોનું માંસ ખાનારને વખતે ઘણી ભયંકર માંદગી ભોગવવી પડે છે. રોગવાળાં યા સડીગએલાં જનાવરોનું માંસ ખાનારને નુકશાન થાય એ સ્વાભાવીક છે. જેટલી ઝડપથી મનુષ્યોના રોગ દાક્ટરો પરખી કાઢે છે તેટલી ઝડપથી કંઇ ઢોરોના રોગ પરખી શકાતા નથી તેમ તેને પારખવાને માટે મનુષ્યવર્ગ જેટલી હોસ્પીટલો પણ નથી રાખવામાં આવી, તેમ વધ કરતી વખતે તેમને કોઇ તેના દાક્ટર પાસે તપાસરાવવામાં આવતાં હોય એવું પણ કવચિતજ બને છે માટે આથી પણ માંસભક્ષીઓને માંસ ખાવામાં તેમની જાતને માટે ભય સમાયલો છે. માટે વખતે માંસભક્ષીઓને આથી કરીને " બકરૂં કાઢતાં ઉંટ પેસે

તેની માફક શરીર પુષ્ટ કરવા જતાં માંદગીને શરણ થવું પડે છે માટે તેથી પણ માંસભક્ષણ વર્જ્ય છે.

**માંસ ખાનારની બુદ્ધિ મંદ થઈ જાય છે અને મનની સ્થિરતા રહી શકતી નથી.** આજકાલ એટલું તો સ્પષ્ટ રીતે સર્વેને જણાયું છે કે **મનનો અસર શરીરપર થાય છે.** માણસ જે વખતે ચીડીઓ થાય છે તે વખતે તેનું શરીર જોઇએ તેવું રહેતું નથી કારણ કે ચિંતાથી તેનું શરીર શોષાઈ જાય છે. સંગ્રહણી વિગેરે રોગ પણ તેને લાગુ પડે છે. આ વાત નિર્વિવાદ છે. એથી એટલું તો સિદ્ધ થાય છે કે માણુસના મનની અંદર રહેલી ચિંતા તેના શરીર ઉપર અમલ ચલવે છે. તેમજ મનુષ્યને થએલો ક્રોધ તેનું શરીર તાવી નાંખે છે. માણુસને વખતે સુકેલા લાકડા જેવો ક્રોધ બનાવી દે છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે **કડવાં ફળ છે ક્રોધનાં જ્ઞાની એમ બોલે** આ ઉપરથી પણ સમજી શકાતું હશે કે ક્રોધ એ દરેક રીતે માણુસને અનિષ્ટ કરે છે. પશુઓને ક્રોધવૃતિ રહેલી હોય છે. દાખલા તરીકે જો આપણે તેને લાકડી કે કોઈ ચીજ મારીશું તો તે તરત આપણા સામાં શીંગડાં ધરશે અને વખતે તેને બહુ ક્રોધ ભરાયો હશે તો તેને સતાવનારને કચરી પણ નાંખશે. આ બતાવી આપે છે કે મનુષ્યની માફક જીવોમાં પણ ક્રોધ રહેલો હોય છે. જ્યારે પશુઓનો વધ કરવામાં આવે છે ત્યારે તે વધ કરનાર ઉપર બહુ ગુસ્સે થાય છે અને તે વખતે તેને ઘણો ક્રોધ ચઢે છે. આ ક્રોધ તેનામાં તે વખતે એક જાતનું ઝેર ઉત્પન્ન કરે છે તે ઝેર તેના અણુઅણુમાં પ્રસરી જાય છે અને તેથી કરીને તેનું માંસ ખાનારને વખતે ભયંકર રોગ લાગુ પડે છે. આવા ઘણા દાખલાઓ મોજુદ છે. એટલું તો આપણે ઉપર પ્રગટ કરી ગયા છીએ કે મનની અસર શરીર પર થાય છે તો પછી આ બનવું અશક્ય નથી. માટે માંસભક્ષીઓએ માંસ ખાવાની લઢણને દેશવટો દેવો જોઇએ. જો કોઈ પણ પ્રકારનો ફાયદો હોય તો તો ઠીક છે પરંતુ આવી રીતે માંસ ભક્ષણમાં દરેક પ્રકારે નુકસાન છે તો અમારા માંસ-ભક્ષીઓ શા માટે ગધેડી પુંછ ઝાલી તે ઝાલી ને છોડવી નહીં એમ કરે છે. ફક્ત જીભ્યાઈન્દ્રીયની લાલસાએ બિચારા અબોલા પ્રાણીના વધ કરાવવા એ શું મનુષ્યજીવનને છાજતી વાત છે? માટે અમારા માંસભક્ષી જનો માંસ ભક્ષણનો ત્યાગ કરશે. માંસ ખોરાકને માટે બીલકુલ યોગ્ય છેજ નહીં આ સંબંધમાં **રાલ્ફ વાલ્ડો ટ્રાઇન** નામનો દયાળુ લેખક જણાવે છે કે

"આ બાબતને સંપૂર્ણ કર્યા પછી, અને ઘણા વરસના માંસનો નહીં ઉપયોગ કરવાના મારા જાતિ અનુભવપરથી હું બેધડક કહી શકું છું કે **માંસ ખોરાકને વાસ્તે જરૂરનો ખોરાક નથી** તેના ઉપયોગથી થોડાને કદાચ લાભ થયો હશે પણ ઘણા માણસોને તો નુકશાનજ થયું છે, અને જ્યાં જ્યાં તેનો અતિશય ઉપયોગ થયો છે ત્યાં ત્યાં હાનિકારક પરિણામ આવ્યા વિના રહ્યુંજ નથી. આ મુજબ તે પોતાનો અભિપ્રાય જાહેર કરે છે. આવા આવા એક નહિં પણ સેંકડો વિદ્વાનો કે જેઓએ પ્રથમ માંસ-ભક્ષણ કર્યું હતું તેવાઓએ પણ માંસનું ભક્ષણ નહીં કરવું જોઇએ તે બાબતના વિગતોવાર અને અસરકારક દખલા ટાંકી શાબીત કરી આપ્યું છે કે માંસ એ ખોરાકને માટે લાયક નથી. વળી **અમેરિકાની પાઠશાળાનો એક અધ્યાપક** છે જેણે છેલ્લા ૧૮ વર્ષથી માંસ ખાવાનું ત્યજી દીધું છે છતાં તેનું શરીર એવું બળવાન અને દૃઢ છે કે લાંબા વખત સુધી કાર્ય કરવાની અને સહનશીળતાની બાબતમાં કોઇપણ માંસાહારી તેની સરખામણી કરી શકે તેમ નથી. આવી રીતે માંસભક્ષણ વર્જવાથી ઘણાઓને ફાયદા થયા છે અને થાય છે માટે દરેક માંસભક્ષી જનોએ હવે ધોળે દિને અંધારામાં ન કુટાઇ મરતાં માંસના ખોરાકનો ત્યાગ કરવો જોઇએ.

તથાસ્તુ ૐ શ્રી ગુરુ.

---

## ( હરકોઇ ભાષામાં ફરીથી છપાવીને જ્ઞાન ફેલાવવા કૃપા કરશો )

### વાંચો ! વંચાવો !! દયા કરો !!!

### કચકડાંની વસ્તુઓ વાપરનારાં કેવું મહા પાપ કરે છે ?

લંડનમાં " Humanitarian League " નામની એક દયાળુ મંડળી છે. કચકડાં માટે બીચારા લાખો કાચબાને કેવું ત્રાસદાયક દુઃખ દેવામાં આવે છે તે સંબંધી ત્રણ જુદે જુદે સ્થળે નજરે જોનારાઓએ જે વર્ણન લખ્યાં છે તે સદરહુ મંડળીએ એકઠાં કરીને છપાવ્યાં છે. તેમાંનું એક ન્યુયોર્કમાં પ્રસીધ્ધ થતાં *Evening Post* નામનાં વર્તમાનપત્રમાં પ્રથમ છપાયલું હતું, તે નીચે પ્રમાણે છેઃ—

" At night the fishers conceal themselves along the shore as well as possible, and when the turtles come up=out of the water on he beach they rush forth and turn them over on their backs with iron hooks, leaving them secure in this position until morning. It is the method by which the scales are loosened which is the repulsive part of the business. The turtles are not killed, as that would lead to extermination in a very few years. After capturing them the fishers wait for day-light to complete the work. The turtles are turned over again in their natural position and fastened firmly to the ground by means of pegs; then a bunch of dried leaves or sea-grass is spread evenly over the back of the turtle and set afire. The heat is not great enough to injure the shell, merely causing it to separate at the joints. A large blade, very similar in shape to a chemist's spatula, is then inserted horizontally between the laminæ, which are gently pried from the back. Great care must be taken not to injure the shell by too much heat, and yet it it not forced off until it is fully prepared for separation by a sufficient amount of warmth. The operation, as one may readily imagine, is the extreme of cruelty, and many turtles do not survive it. Most of them do live, however, and thrive, and in time grow a new covering, just as a man will grow a new finger nail in place of one he may lose. "

અર્થ—"રાતે માછીમારો કીનારા ઉપર જેમ બને તેમ છુપાઈ રહે છે અને જ્યારે કાચબાઓ પાણીની બહાર નીકળીને જમીન ઉપર આવે છે ત્યારે તે માછીમારો દોડી જઈને લોઢાના આંકડા વતી તેમને ચત્તા કરી નાખે છે, અને સવાર સુધી તેમને એજ સ્થીતીમાં રાખે છે. જે ક્રીયાથી એ કાચબાની ઢાલ ઉતારવામાં આવે છે તે ત્રાસ દાયક છે. કાચબાને મારી

નાખવામાં આવતા નથી, કેમકે તેમ કરવાથી થોડાં વરસમાં તેઓ તમામ નાશ પામે. તેમને પકડયા પછી પોતાનું કામ પુરૂં કરવાને સવાર પડવાની માછીમારો રાહ જુવે છે. કાચબાઓને પાછા તેમની કુદરતી સ્થીતીમાં ઉંધા પાડે છે ( એટલે કે ઢાલ ઉપર ને પેટ નીચે ) અને જમીનમાં ખોડેલી ખીલીઓ સાથે તેમને મજબુત બાંધે છે પછી સુકાં પાંદડાં અથવા તો દરીઆઇ ઘાસ સરખું કરીને તેમની પીઠ ઉપર પાંથરીને સળગાવે છે. ઢાલ સાંધાઓથી છુટી પડે પણ તે બગડે નહીં એટલી ગરમી રાખવામાં આવે છે. પછી રસાયણ શાસ્ત્રીઓ વાપરે છે તેના જેવી એક મોટી છરી ઢાલ નીચે સીધી ઘાલીને આસ્તે આસ્તે તેને કાચબાની પીઠ ઉપરથી કાપી લેવામાં આવે છે. અતીશય ગરમી થવાથી ઢાલને નુકસાન ન થાય તે માટે ઘણી સંભાળ લેવી જોઇએ, અને તોપણુ પીઠથી તે ઢાલ છુટી પાડી શકાય તેટલી ગરમી કર્યા વીના તે કાપી લેવામાં આવતી નથી. કોઇ પણ માણસ સહેજે સમજી શકશે કે એ ક્રિયા ઘણીજ ઘાતકી છે અને ઘણા કાચબાઓ તેથી મરી જાય છે પરંતુ ઘણા ખરા તેથી મરતા નથી, અને મોટા થાય છે, અને વખત જતાં માણસની આંગળી ઉપરથી ઉખડેલો નખ પાછો ઉગે તેમ તે કાચબાઓને પણ નવી ઢાલ ઉગે છે.”

ઉપર પ્રમાણે જ્યાંસુધી બીચારા કાચબાઓ જીવતા રહે અને તેમને ઢાલ આવે ત્યાંસુધી ફરીફરીને તેમને પકડીને ભયંકર દુઃખ દેવામાં આવે છે. માટે દરેક દયાળુ સ્ત્રી પુરૂષની ફરજ છે કે બનતાં સુધી કચકડાંની વસ્તુઓ વાપરવી નહીં.

**લાભશંકર લક્ષ્માદાસ.**

જુનાગઢ, તા૦ ૩ જી જાનેવારી ૧૯૧૦.

## એક અરજ.

માણસના સ્વાર્થ ખાતર બીચારાં મુગાં જાનવરો ઉપર કેવું કેવું ભયંકર ઘાતકીપણું ગુજરે છે તેનો પ્રજાને ખ્યાલ આપવા આ અને બીજાં લીફલેટો ગુજરાતી, મરાઠી, બંગાળી વીગેરે ભાષાઓમાં છપાવી તેનો મફત ફેલાવો કરવામાં આવે છે. માટે આ મહા દયાળુ કામમાં યથાશક્તિ મદદ કરવા દરેક દયાળુ સ્ત્રી પુરૂષને અરજ કરવામાં આવે છે.

**લલુભાઇ ગુલાબચંદ,**

ઓનરરી વ્યવસ્થાપક,

શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ.

૩૦૯, શરાફબજાર મુંબઇ.

# खरुं सुख.

( લેખક—શેઠ. જેશીંગભાઈ પ્રેમાભાઈ કપડવણજ. )

ઇંદ્રિયાદિક વિષયનાં સુખો ક્ષણિક છે એવું જ્યારે સત્યશોધક મનુષ્યને માલમ પડે છે ત્યારે તેના આનંદનો પાર રહેતો નથી. તેમાં કેવો અલૌકિક અને હૃદયભેદક અર્થ સમાયલો છે. જો તેવું સત્ય સ્વરૂપ મનુષ્યોના સમજ- વામાં આવે અને સ્વસ્વરૂપમાં રમણુતા કરે, એની કંઇ હૃદયમાં ઝાંખી થાય તેવા હેતુને માટે આ લેખનો ઉલ્લેખ છે. મનુષ્યોને કર્માનુસારે પ્રાપ્ત થતાં દુઃખોના પ્રસંગે આ મુજબ વિચાર સ્ફુરે છે પરંતુ પાછા સાંસારિક વિટંબણાના કાર્યોમાં પડતાં તે વિચારોનું વિસ્મરણ થાય છે તેથી જેવા જોઇએ તેવા પ્રમાણમાં તેમને લાભ થતો નથી. આ વિચાર જેટલા સત્યથી ભરેલો છે તેવીજ રીતે તેને પ્રાપ્તકર્તવ્યમાં મુકવાની જરૂર છે કારણ કે આપણું સાર્થક આપણી પોતાની આત્મીક રમણુતાથીજ થાય છે અને એ વાત નિ- ર્વિવાદજ છે તોપણ તેની કડાકુટમાં અને સત્ય શોધવા હજારો માથા- કુટ કર્યા કરે છે કારણ કે દુનિયામાં હજારો ધર્મવાળાએ જુદા જુદા સત્યને જુદા જુદારૂપે ખેંચ્યું છે અને મનુષ્યો હજારો તરફ અથડાયાં કરે છે પણ આ વસ્તુ જેટલી જૈનીઝમે દઢ અને સ્યાદ્વાદ પ્રગટ કરી છે તેવી અન્ય કોઇ કરી શકયા નથી. કંઇક અપેક્ષાએ બીજામાં સત્ય રહેલું હશે પણ તે **એકાંત** માર્ગનું અવલંબન કરવાથી વસ્તુનું સત્ય સ્વરૂપ સમજી શકાતું નથી અને આથીજ કરીને જૈન ધર્મ જે સર્વ ધર્મથી તત્વજ્ઞાનમાં શ્રેષ્ઠતા ભોગવે છે તે તેના **અનેકાંત** માર્ગને લેઇનેજ છે. આપણા મહાન્ પૂર્વાચાર્યોએ આ વિષયમાં ઘણુંજ મન્થન કરી મહાન્ ગ્રંથોમાં તેને પ્રગટ કીધું છે તેથી આપણુને ઘણુંજ જાણુવાનું મળે છે. તેથી તેવા ગ્રંથોનો અભ્યાસ કરવાની જરૂર છે. તેવા પૂર્વાચાર્યોકૃત પુસ્તકોના અનુસાર સત્ય ઉકતી તરફ દરેક મનુષ્યે પ્રવૃત્તિ કરવાની જરૂર છે. જો કે શુભ કાર્યોની પ્રવૃત્તિથી કદાચ સહજ સુખ પ્રાપ્ત થાય છે, પણ તેથી સ્થાયી સુખ પ્રાપ્ત થતું નથી કારણ શુભ કાર્ય તે પણ આશ્રવજ છે.

અધ્યાત્મીક જ્ઞાન વિના મનુષ્ય જોઇએ તેવું સુખ કર્મકાંડથી પ્રાપ્ત કરી શકે તેમ નથી પણ સાથે એટલું ખાસ લક્ષમાં રાખવાની આવશ્યકતા છે કે શુષ્કજ્ઞાની ન બનવું. આત્મીકરમણુતા વિના મનુષ્ય જોઇએ તેવી શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી કારણ કે આત્મીકરમણુતાથીજ એટલે કે

આત્માના મૂળ સ્વભાવે ધ્યાન ધરવાથી આત્મામાં રહેલ જે સ્વાભાવિક ગુણુ જેવાકે :અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય પ્રગટ થાય છે. શું આ દેહ તે સત્ય ધન છે ! ના નહિજ. તે તો ક્ષણિક છે, આયખું પુરૂં થતાં તેને વીખરાતાં વાર લાગતી નથી. તે મટ્ટીમાં મળી જાય છે. જીવ અને તેનો સંબંધ જ્યાં સુધી છે ત્યાં સુધીજ **આ મારૂં અને આ તારૂં** એ સર્વે માયા છે, માટે મુમુક્ષુઓએ **આ મારૂં અને આ તારૂં માનવું એ ભુલ ભરેલું છે.** સત્ય આત્મા છે તેજ સર્વદા આપણો છે બાકી સગાં સંબંધી સર્વ કુટુંબજાળ મિથ્યા છે માટે આપણે આપણા મૂળ સ્વભાવમાં રમણુતા કરવાની ખાસ આવશ્યકતા છે.

તેથીજ શાંતિ મળે છે. કર્મો કંઇ મનુષ્યને છોડતાં નથી તેમ તે ભોગવ્યા વિના પ્રાણીઓનો છુટકો થતોજ નથી. માટે ખરા સુખની ઇચ્છાવાળાએ પોતાના આત્માના મૂળ સ્વાભાવીક ગુણુમાંજ રમણુતા કરવી. અને સંસાર સમુદ્ર તરવા પ્રયત્ન આદરવો. તેજ આ ભવ તેમ પર ભવમાં સુખદાયી છે. **શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય** કહે છે કે—

**अध्यात्म शास्त्र सम्मुत्त, सन्तोष सुख शांतिनः**
**गणयन्तिन राजानं, ने श्रीद्रं नापिवासवम् .**

આ સંસારના જન્મ મરણાદિકના ભયથી મુક્ત થવા મનુષ્યો ઘણો માર્ગ શોધે છે, પણ જ્યાં સુધી તેઓ સત્ય પ્રાપ્ત કરતા નથી ત્યાં સુધી સુખ મેળવી શકતા નથી તેમ મુક્ત પણ થઇ શકતા નથી. અજ્ઞાન તપસ્યાઓ ભલે ગમે તેટલી કરે પણુ સત્ય જ્ઞાન મેળવ્યા વિના મનુષ્ય કંઇ કર્મથી મુક્ત થઇ શકતો નથી **ज्ञान क्रियाभ्यां मोक्ष मार्गः** જ્ઞાન અને ક્રિયાથીજ મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. એકલું જ્ઞાન કે એકલી ક્રિયા તે કંઇ મોક્ષ મેળવી આપતી નથી. બન્નેની સાથે જરૂર છે, અને તેથી જ્ઞાન પ્રાપ્ત કરવાની ખાસ આવશ્યકતા છે. અને તે એકલું વ્યવહારિક નહિ પણ માનસિક અને અધ્યાત્મિક તેમજ વ્યવહારીક એ ત્રણે પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે. માટે દરેક જૈન બંધુએ ષટ દ્રવ્ય અને નવ તત્વાદિ પદાર્થો જાણવાની જરૂર છે, કારણ કે તેના જાણપણુથીજ આત્મતત્વ પમાય છે, વળી મહાત્મા ઉવાસ્વામી કથે છે કે **જે મનુષ્યે આત્મરમણુતા કરી નથી તેનો અવતાર એળે છે.** આ પૂજ્ય માહાત્માના વાક્યના અક્ષરેઅક્ષર મુમુક્ષુઓએ પોતાના હ્રદયમાં સોનેરી અક્ષરે જડી રાખવા. આત્મજ્ઞાન વિના

સુખ થતું નથી તેમ તેને શોધવાને ઘાટ, ડુંગર, કે પહાડમાં ખોળવા જવાનું નથી. તેમ કસ્તુરીઆ મૃગની પેઠે ભુલાપણુ ભમવાતું નથી. તે તમારી નજીક છે. **સત પુરૂષનો સંગ કરો,** તેમના **વચનમાં શ્રદ્ધા રાખો** અને **તત્‌મુજબ પ્રયત્ન આદરો** એટલે તરતજ તે સુખ પોતાની મેળે તમારી નજદીક આવી ઉભેલું તમને જણાશે. દુઃખ આવે કે દુઃખના પ્રસંગો નજીક દેખી કે દુઃખી સ્થળ જોઇ કેટલાક મનુષ્યો વૈરાગ્ય ધારણ કરે છે અને પછી દુઃખની પરિસમાપ્તી થતાં પાછા દુનિયાની પ્રવૃતિમાં પડી જાય છે. આવા બટુક વૈરાગ્યથી કંઇ આત્મીકસુખ પ્રાપ્ત થતું નથી. સર્વદા સર્વ સમયે જે ઉદાશીન ભાવે પ્રવૃતિ કરવામાં આવે છે તો તે લાભપ્રદ નીકળે છે. આત્માની રમણતાથીજ ક્રોધ, લોભ, ભય, અનિશ્ચિતતા, ચિંતા આદિ દુર્ગુણો પર જય મેળવી શકાશે. અને શાંતિ, સુખ, આનંદ, નીરમળતા, સ્વસ્થતા પામી શકાશે. દુનિયાના ક્ષણિક સુખમાં રમણતા કર્યા કરતાં આત્મીક રમણતા કરવી એજ આવશ્યક છે. છેલ્લું એટલુંજ ઇચ્છીશ કે આ પ્રમાણે વર્તન કરવાથી દરેકને લાભ થયો છે અને અમારા સુજ્ઞ વાંચક બંધુઓ આ વાંચી હંસવત્ સાર ગ્રાહણ કરશે એજ અંતીમ આશા છે, ઇત્યલમ્.

---

# उत्तम बोधवचनो.

સર્વ સંયોગોમાં સર્વ મનુષ્યો ભણી ઉદારતા, સભ્યતા, પરોપકાર અને નિઃસ્વાર્થતા દાખવવી; અવગુણો ચાલતા રથને પૈડાની ખીલી માફક જગતને ઉપયોગી છે.

કોઠારમાં ભરી મુકેલા ખજાનાનો નાશ થાય છે; પણ મનમાં સંગ્રહેલો ખજાનો નાશ પામતો નથી. કોઈ પણ વસ્તુના ખજાના લાંબા વખત સુધી ચાલતા નથી માટે જ્ઞાનનેજ તારા ખજાનારૂપ જાણ,

દાન આપવું તે, ન્યાયયુક્ત વર્તન, અનિંદ્ય આચાર—આ સર્વ તથા પાપપ્રતિ તિરસ્કાર, પાપ વિરમણ, માદ્ય વસ્તુનો નિષેધ, સતકાર્યમાં ઉત્સાહ—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

જેનો આત્મા જીવનના ફેરફારના સપાટામાં નિશ્ચલ, નિર્વિકારી દીલગીરી રહિત, અને સ્વસ્થ રહે છે તે સર્વ સુખનાં ઉત્તમ સાધનો પામ્યો છે.

મૂર્ખોનો તિરસ્કાર કરતા નહિ પણ તેનાથી તમો સંતોષ રહો. કારણ

કે આ બાબત પણ કુદરતની એક ઇચ્છા છે. જેવી રીતે નાનપણથી પુખ્ત ઉમ્મરે પહોંચવું અને ઘરડું થવું દાંત, દાઢી અને ધોળા વાળ આવવા, પ્રાણીનું ઉત્પન્ન થવું, ગર્ભવન્ત થવું અને જન્મવું—આ અને આવી બીજી કુદરતી ક્રિયા અમુક અમુક વર્ષે થાય છે. તેવી રીતે મૃત્યુ પણ સ્વાભાવિક છે, તેથી ડાહ્યા મનુષ્યની ફરજ એ છે કે તેણે તેની બેપરવાઇ, અધીરાઇ અથવા તીરસ્કાર કરવો નહિ પણ તે એક કુદરતી ક્રિયા છે તેમ તેની રાહ જોવી

જેવી રીતે બાળક તેની માતાના ઉદરમાંથી નીકળે છે તે વખતે તેની રાહ જોવામાં આવે છે. તેવી રીતે સ્થૂલ શરીરમાંથી તમારો આત્મા બહાર નીકલે ત્યારે તેની રાહ જુઓ.

જે મનુષ્ય બીજાને નુકશાન કરે છે તે ( ખરીરીતે ) પોતાનેજ હાની કરે છે. જે મનુષ્ય બીજા તરફ અન્યાયથી વર્તે છે તે પોતાનાજ તરફ અન્યાયથી વર્તે છે કારણ કે આવી રીતે તે પોતે અધમ થતો જાય છે.

તમારા તરંગો દાબીદો. તમારી વાસના નિયમિત કરો. તમારી પશુવૃત્તિ નિર્મૂળ કરો પણ તમારી નિયામક શકિતને ( આત્મા ) યોગ્ય અવકાશ આપો. સંસારની ઉપાધિ તમારા ચિત્તમાં વિક્ષેપ ઉપજાવે છે તેનાથી તમારૂં મન ચકડોળે ચઢાવવાને બદલે તમે કાંઇ નવીન અને સારૂં શિખવાને તમારો વખત ગાળો.

આખા શરીરનું બંધારણ નાશવંત છે. જીવ વમળરૂપ છે. પ્રારબ્ધ જાણી શકાતું નથી અને કીર્તિ વિવેકહીન વસ્તુ છે. ટુંકામાં શરીર સંબંધની સર્વે વસ્તુ પ્રવાહરૂપ છે. જીવનવ્યાપાર સ્વપ્ન અને ધુમાડાજેવો છે. મનુષ્યજીવન કલહરૂપ છે, તે મુસાફરના ઉતારા બરોબર છે.

મરણ પછીની કીર્તિ શુન્ય વસ્તુ છે ત્યારે મનુષ્યને સીધે રસ્તે દોરી શકે એવી કઇ વસ્તુ છે ? તે એકજ વસ્તુ અને ફકત એકજ વસ્તુ—તત્વજ્ઞાન છે પણ તત્વજ્ઞાનનો અર્થ એ છે કે મનુષ્યે તેના અંતર આત્માને કંઇ પણ ઇજા અને જુલમમાંથી મુક્ત રાખવો જોઇએ. તેણે સુખ અને દુઃખ ઉપર જય મેળવવો જોઇએ. કોઇ પણ બાબત યોગ્ય ઉદ્દેશ સિવાય કરવી નહિ. તેમજ તે દંભ અને અસત્યથી કરવી નહિ. તેને બીજા માણસની જરૂર લાગવી જોઇએ નહિ. તેમજ કંઇ કામ ન કરવું એમ નહિ. જે સર્વ બાબત પોતાની બાબતમાં બને છે અને જે પોતાના માટે નિર્માણ થયું છે તે તમારા પૂર્વજન્મ કૃત્યના અનુસાર થયેલું છે એમ ધારી તેનો સ્વીકાર

કરો. જે સર્વ જીવીતવસ્તુ દ્રશ્ય છે ધારી તેનું વિસર્જનજ ફક્ત મૃત્યુ છે એમ ધારી તેની રાહ આનંદથી જુઓ.

મૃત્યુ એ શું છે? જે સંસ્કાર ઇન્દ્રિયદ્વારા મળે છે તે બંધ થાય છે જે તંત્રથી વિચારની ક્રિયા, સુખ દુઃખની ઇચ્છા નકામી છે, અને શરીરની વાસના પ્રદર્શિત થાય છે તેનો નાશ થાય છે.

કોઇ પણ માણસ આપણી સ્વતંત્ર ઇચ્છાશક્તિ લુંટી લેઇ શકતો નથી. જેટલા પ્રમાણમાં મનુષ્ય મનોવિકારથી મુક્ત છે તેટલા પ્રમાણમાં તે શક્તિમાન થાય છે. જેમ દુઃખની લાગણી એ નિર્બળતાનું ચિન્હ છે તેમ ગુસ્સો પણ ( માનસિક ) નિર્બળતા બતાવે છે, કારણ કે જે માણસ દુઃખ અને ક્રોધને તાબે થાય છે તે ( માનસિક દ્રષ્ટિથી ઘાયલ થયેલો છે અને ( તેની જાતનો ગુલામ છે.

જે વસ્તુ હયાત છે અને ઉત્પન્ન થાય છે ને કેટલી ઝડપથી દ્રશ્ય થઇ અદ્રશ્ય થાય છે તેનો વિચાર કરો કારણ કે પદાર્થ એ એક સતત વહેતા પ્રવાહની માફક છે. વસ્તુની ગતિ હમેશાં બદલાયા કરે છે અને તેનાં કારણ અસંખ્ય રીતે તેના ઉપર ક્રિયા કરે છે. ભાગ્યેજ કોઇ પદાર્થ સ્થિર માલમ પડે છે.

---

# सुख दुःख वखते समभाव.

( લેખક. શંકરલાલ ગીરધરલાલ ચંદ્રભાણુ—અમદાવાદ. )

**ગઝલ.**

સદા આનંદમાં રહેવું, સુખો દુઃખો સહુ સહેવું;
વખત વરતી સદા વહેવું, પડે કહેવું શું સમજુને. ૧

ખરે ચડતીને પડતી તો, સરવને માટ સરખી છે;
અનુભવથી જયાં પરખી છે, પડે કહેવું શું સમજુને. ૨

સમજુને બધુ સરખું, ઉપાધી ના નડે આવી;
કસોટી છો કરે ભાવી, પડે કહેવું શું સમજુને. ૩

હતું શું ને હવે છે શું, થશે શું ખ્યાલ ખોટો છે;
પલકનો એ પરપોટો છે, પડે કહેવું શું સમજુને. ૪

કદી પાષાણુ સૈયામાં, પડયા રહેવું પડેતો શું;
અગર સેહેજે મલેતો શું! પડે કહેવું શું સમજુને. ૫

કદી માળા મલ્યા તો શું, કદી પાળા ફર્યા તો શું;
જઈ ઝું પડે ઠર્યા તો શું, પડે કહેવું શું સમજુને. ૬

કદી ખીરરસ ખાવાનાં, મળ્યાં મન માનતાં તો શું;
કદી ટુકડે સરે તો શું, પડે કહેવું શું સમજુને. ૭

કદી અંગે અજબ નંગો, મળે આવી અનાયાસે;
ભભુતિ જો કદી ભાશે, પડે કહેવું શું સમજુને. ૮

કદી સર્વાંગ શોભવવા, મળે વસ્ત્રોજરી તો શું;
કદી કફની ધરી તો શું, પડે કહેવું શું સમજુને. ૯

કદી જલ પાનને કાજે, મલે સુવર્ણનો લોટો;
કદી તુંબી તણો ટોટો, પડે કહેવું શું સમજુને. ૧૦

હજારો હાજી હાજી જ્યાં, કરે હાજર રહી હરદમ;
શરણુ કો દિન લેતાં શ્રમ, પડે કહેવું શું સમજુને. ૧૧

ધીરજ ધરવી સદા હૈયે, શંકર સહુ સ્નેહથી સહીએ;
સુનિતિ સાથમાં લહીએ, પડે કહેવું શું સમજુને. ૧૨

---

કોઇપણુ વખત જમીને તુરત નહાવું નહી, તેમજ કોઇપણુ જાતનો બહુ થાક ચડી ગયો હોય તે વખતે તુરત નહાવું નહિ; પણુ થોડો થાક ઉતરી ગયા પછી તેમ કરવું, તેજ પ્રમાણે ગુસ્સાથી અંગ તપીગયું હોય અથવા કોઇપણુ રીતે ગુસ્સામાં મન આવી ગયું હોય ત્યારે તે શમીગયા પછીજ નહાવું.

મોઢેથી બોલવું એ પણ એક જાતની ઉપયોગી કસરત છે. નબળાં ફેફસાં અને નબળી હોજરીવાળા પણ દરરોજ મોટે સાદે વાંચવાની ટેવ રાખે તો તેમને ઘણો ફાયદો થાય છે.

આખો દિવસ અંગની મહેનત કરવાથી જેટલો થાક લાગે અને શરીરને જેટલો ઘસારો પહોંચે તેટલો થાક અને ઘસારો માત્ર ત્રણ કલાકની મગજની મહેનતથી થાય છે.

**ડાકટર બ્રન્ટન કહે છે કે:**—ઠંડીમાં દારૂ પીવાથી ગરમી આવતી નથી ઉલટી ઠંડી વધારે લાગે છે.

મરડાવાળાં, ક્ષયવાળાં, અને પિત્તવાળાં દરદીઓને લીલી દરાખ ખાવાથી ફાયદો થાય છે.

**ડીથન સ્વીફ્ટ** નામનો એક અંગ્રેજી લેખક કહે છે કે:—જેઓ સહવાર થયા પછી પણ બિછાનામાં પડયા રહે છે, તેઓ કદી મ્હોટાઇ અને માન મેળવી શકતા નથી તેજ પ્રમાણે જાણીતો અમેરિકન **ફ્રેન્કલીન** કહી ગયો છે કે જેઓ મોડા ઉઠે છે તેઓ ગમે તો આખો દિવસ ચાલચાલ કરે તોપણ તેઓ રાતે પણ પોતાનું કામ પુરૂં કરી શકતા નથી.

સગર્ભા અથવા હમેલવાળી સ્ત્રીઓએ ચોખ્ખી હવાની તેમજ કસરતની જરૂર છે, તેમને જેમ બને તેમ ખુલ્લી હવામાં ફરવું એ સલાહકારક છે, અને છેક છેલ્લા દિવસ સુધિ આ પ્રમાણે ચાલવાની કસરત જારી રાખવી જોઇએ, આ હાલતમાં સૌથી સારી કસરત ચાલવાની છે. પરંતુ એટલુંજ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે સગર્ભા સ્ત્રીને જરા પણ થાકની નિશાની જણાવા લાગે તે પહેલાં કસરત બંધ કરવી જોઇએ.

" **હોમિયોપથી** " ના જન્મદાતા હેનીમેન સાહેબે કહ્યું છે કે, જે કોઇ મનુષ્ય શરીરના કોઇ પણ અંગ ઉપર ત્રાંબુ બાંધી રાખે છે તેને કોલેરાની બીમારી થતી નથી. ત્રાંબામાં વૈદકીય ગુણ છે.

# દુધ અને તેને ગ્રહણ કરવાની રીત.

બીજા પ્રદાર્થો કરતાં દુધમાં પૌષ્ટિક તત્વ વધારે છે માટે તે આહારના માટે ઉત્તમ પદાર્થ લેખાય છે. બીજા જો કે ઘણા પૌષ્ટિક પદાર્થો છે પરંતુ દુધ જે **ઓછાશ્રમે અને વહેલું પચે** છે તેવા તે પદાર્થો ઘણાજ ઓછા છે આથી દુધ તે આહારને માટે ઘણું ઉત્તમ કહેવાય છે. જો તેને બરોબર રીતે ગ્રહણ કરવામાં આવે છે તો ઘણુંજ લાભ પ્રદ નીકળે છે. કેટલાક માણસો સેર બશેર દુધ સામટું પી જાય છે પણ તે એકદમ એમ સામટું ન પીતાં થોડે થોડે અંતરે થોડું થોડું પીવું જોઇએ. આ રીતે પીવાથી નબળી પચન શકિતવાળો મનુષ્ય પણ સહેલાઇથી બપોરના બે વાગતા સુધીમાં ચારશેર દુધ પચાવી શકે છે. દુધ પીનારે સવારે બીલકુલ ખાવું નહિ. સાંજે માત્ર એકવાર જમવું વળી આ દુધ બાળક જેમ ધાવે છે તેમ ચુસીને પીવું. ચુસીને પીતાં અર્ધ શેર દુધ પીતાં દશ અથવા પંદર મિનિટ જેટલો સમય જાય છે.

આમ ધીરે ધીરે દુધ પીવાથી તે પેટમાં દહીં થઇ જતું નથી પણ જરૂર તેના ઉપર તત્કાળ પચનક્રિયા થવા માંડે છે.

---

## બોર્ડીંગ પ્રકરણ.

### આ માસમાં આવેલી મદદ.

| | | |
|---|---|---|
| ૨૫—૦—૦ | બાઇ મણિ તે શા વજેચંદ દીપચંદની વિધવાની વતી ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદ—હ—ઝવેરી ચીમનલાલ સારાભાઇ. | મુંબઇ. |
| ૯—૦—૦ | શા. દેવચંદભાઇ. | સાણંદ |
| ૧૫—૦—૦ | દોશી મણિલાલ નથુભાઇ બી. એ, બા. ચિ. ભાઇ માણેકલાલના સ્મણાર્થે | અમદાવાદ |

૪૯—૦—૦.

---

બોલનાર અને સાંભળનાર બંને ઉપર શબ્દોની અત્યંત ભારે અસર થાય છે—પછી તે શબ્દ મુખથી બોલેલો હોય, કે મનમાં બોલેલો હોય કે લખેલો હોય. તમારા લક્ષને સારી અથવા નઠારી દિશા તરફ ખેંચવાનું કામ શબ્દ કરે છે અને જે દિશા તરફ તમારૂં લક્ષ ખેંચાય છે તે તરફ તમારૂં આખું જીવન ખેંચાય છે. આમ હોવાથી શબ્દો બોલતાં અને સાંભળતાં અત્યંત વિચારને કરજો. સુખની, શાંતિની અને વિજયનીજ વાતો કરજો, અને તેવીજ વાતો સાંભળજો.

# શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા–પ્રગટ થયેલા ગ્રન્થો.

| ગ્રન્થાંક. | | કી. રૂ. આ. પા. |
|---|---|---|
| ૦. | ભજનપદ સંગ્રહ ભાગ ૧ લો ... ... ... | ૦—૮—૦ |
| ૧. | અધ્યાત્મ વ્યાખ્યાન માળા ... ... ... | ૦—૪—૦ |
| ૨. | ભજનપદ સંગ્રહ ભાગ ૨ જો ... ... ... | ૦—૮—૦ |
| ૩. | „ ભાગ ૩ જો ... ... ... | ૦—૮—૦ |
| ૪. | સમાધિ સતકમ્ ... ... ... ... | ૦—૮—૦ |
| ૫. | અનુભવ પચ્ચિશી ... ... ... ... | ૦—૮—૦ |
| ૬. | આત્મ પ્રદીપ. ... ... ... ... | ૦—૮—૦ |
| ૭. | ભજનપદ સંગ્રહ ભાગ ૪ થો ... ... ... | ૦—૮—૦ |
| ૮. | પરમાત્મ દર્શન ... ... ... ... | ૦—૧૨—૦ |
| ૯. | પરમાત્મ જ્યોતિ ... ... ... ... | ૦—૧૨—૦ |
| ૧૦. | તત્ત્વ બિંદુ ... ... ... ... ... | ૦—૪—૦ |
| ૧૧. | ગુણાનુરાગ ( આવૃત્તિ ત્રીજી ) ... ... ... | ૦—૬—૦ |
| ૧૨. ૧૩. | ભજનપદ સંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનાદીપીકા ... | —૬—૦ |
| ૧૪. | તીર્થયાત્રાનું વિમાન ... ... ... ... | ૦—૧—૦ |
| ૧૫. | અધ્યાત્મ ભજન સંગ્રહ. ... ... | ૦—૬—૦ |
| ૧૬. | ગુરૂબોધ ... ... ... ... | ૦—૪—૦ |
| ૧૭. | તત્ત્વજ્ઞાન [illegible] ... ... ... | ૦—૪—૦ |
| ૧૮. | ગહુંલી સંગ્રહ... ... ... ... | ૦—૩—૦ |
| ૧૯. | શ્રાવકધર્મ સ્વરૂપ ભાગ ૧ લો ( આવૃત્તિ ત્રીજી. ) ... | ૦—૧—૦ |
| ૨૦. | „ „ „ ભાગ ૨ જો ( આવૃત્તિ ત્રીજી. ) ... | ૦—૧—૦ |
| ૨૧. | ભજનપદસંગ્રહ ભાગ ૬ ઠ્ઠો ... ... ... | ૦—૧૨—૦ |
| ૨૨. | વચનામૃત ... ... ... ... ... | ૦—૧૪—૦ |
| ૨૩. | યોગદીપક ... ... ... ... ... | ૦—૧૪—૦ |

## ગ્રન્થો નીચલા સ્થળેથી વેચાણ મળશે.

૧. **અમદાવાદ**—જૈન બોર્ડીંગ—ઠે. નાગોરીશરાહ.
૨. **મુંબઈ.**—મેસર્સ મેઘજી હીરજીની કું.—ઠે. પાયધુની.
૩. „ —શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ—ઠે. ચંપાગલી.
૪. **પુના**—શા. વીરચંદ કૃષ્ણાજી.—ઠે. વૈતાલ પેઠ.

# લવાજમની પહોંચ.

| | | |
|---|---|---|
| વાડીલાલ છગનલાલ | દલસુખભાઇ માનચંદ | મોહોલ્લાલભાઇ મુલચંદ |
| તારાચંદ મોતીચંદ | લલ્લુભાઇ જીવરાજ | લાલભાઇ કરમચંદ |
| હઉશીલાલ પાનાચંદ | કેશરજી પ્રેમચંદ | હરજીવનદાસ ગુલાબચંદ |
| કચરાભાઈ મોતીચંદ | શેઠ લાલભાઇ દલપતભાઇ | શેઠ જગાભાઇ દલપતભાઇ. |
| શેઠ મણિભાઇ દલપતભાઇ | હિરાચંદ જીવણજી. | બ્હેન સરસ્વતિ |
| પાસુભાઇ ભીમસી | સુરજમલ લલ્લુભાઇ | જેશીંગભાઇ સાંકલચંદ |
| રતનચંદ લીલાચંદ | બાલાભાઇ છગનલાલ | જીવરાજ હાથીચંદ |
| જગાભાઇ ભગુભાઈ | ડાહ્યાભાઈ સવચંદ | કાલીદાસ બહેચરદાસ |
| નહાનચંદ રાયચંદ | અમૃતલાલ છગનલાલ | દલસુખભાઇ લલ્લુભાઇ |
| જેચંદભાઇ દોલતરામ | લાલભાઇ હિરાચંદ. | ભુરાભાઇ કેશવલાલ. |
| શેઠ મોહોલ્લાલ મગનભાઇ | ઇશ્વરભાઈ ગુલાબચંદ | ખેમચંદ બહેચરદાસ |
| સકરચંદ જગજીવનદાસ | હીમતભાઇ ચુનીલાલ | શેઠ પુરશોત્તમભાઇ મગનભાઇ |
| [illegible]થાલાલ કાલીદાસ | કેશવલાલ ગોકલદાસ | બિસ્મીલ્લા ખાનજી લાયબ્રેરી |
| બાલ[illegible]ભાઈ ચકુભાઇ | વિઠ્ઠલદાસ મોતીલાલ | સકરચંદ મહોલાલભાઇ |
| ભુદરજી જીતમલ | મગનલાલ કપુરચંદ | શેઠ સામલાભાઇ નથુભાઇ |
| હિરાચંદ [illegible]શાચંદ | સોમાભાઈ ભાઇલાલ | જીવણલાલ ત્રીકમલાલ |
| આશારામ [illegible]ભાઇ | ગપુલભાઇ સાંકલચંદ | ચંદરભાણ દેવકરણ |
| કચરાભાઇ નથુભ[illegible] | વખતચંદ રેવાજી | જશરાજ ફુલચંદ |
| મણિલાલ વાડીલાલ | છકડભાઇ હરજીવનદાસ | સકરચંદ વખતચંદ |
| પુરૂષોત્તમ દામોદર | ચીમનલાલ મંગલદાસ | મણિલાલ સાંકલચંદ |
| લખમીચંદ લલ્લુભાઇ | વાડીલાલ મગનલાલ | માનચંદ હરિભાઈ |
| જેચંદભાઇ કાલીદાસ | હીમ[illegible]ંદ માણેકચંદ | દીપચંદ મેલાપચંદ |
| શ્રી વૃદ્ધિચંદજી રામચંદજી | અદધી [illegible] પાઠશાળા | જમનાદાસ સુરચંદ |
| નેમચંદ પીતાંબરદાસ | જગજીવન હરજીવનદાસ | તલકચંદ ધનાજી |
| તારાચંદ હેમચંદ | મગનલાલ કસ્તુરચંદ | જૈન લાયબ્રેરી બીલીમોરા |
| છગનલાલ અમથાશા | છોટાલાલ ગુલાબચંદ | નગીનચંદ કપુરચંદ |
| ડાહ્યાભાઇ દેવચંદ | જૈન જ્ઞાનવર્ધક સભા કુંડલા. | રાયચંદભાઇ રવચંદ |
| કકલભાઇ લવજીભાઇ | કેશવલાલ મોતીચંદ | ડાહ્યાભાઇ પ્રેમચંદ |
| ડાહ્યાભાઇ નાથાલાલ | શેઠ મનસુખભાઇ ભગુભાઇ. | કેશવલાલ બહેચરદાસ |
| ચુનીલાલ ગરબડભાઇ | પ્રેમચંદ મીસરીમલ | નાથાભાઈ જગજીવનદાસ |
| જીવરાજ માવજી | ગોવિંદજી વીરચંદ | ભગુભાઇ રતનચંદ |
| બાલુભાઇ કપુરચંદ | ઘીયા કુંદનજી કપુરચંદ | વાડીલાલ ખીમચંદ |
| વીરચંદ મુલચંદ | સોમચંદ ભગવાનદાસ | કમરશીભાઈ ગુલાબચંદ |
| નગરશેઠ ચીમનભાઇ લાલભાઈ. | | (બાકીના આવતા અંકમાં) |